

# જ્ઞાનગંગા

મુખપત્ર

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત

## ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય

વર્ષ : ૬ અંક:૨૧-૨૨ (ફક્ત આંતરિક વિતરણ) માર્ચ, ૨૦૧૨



## ॥ સૌ ભણે સુખ લણે ॥



ગુજરાત રાજ્યના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે વિશ્વની અદ્યતન ટ્રૅકનોલૉજીયુક્ત મોબાઈલ વર્ગખંડ કામધેનુ રાષ્ટ્રને અર્પણ, ૧૪.૧૨.૧૧




"If the poor boy can not come to education, education must go to him."

~ Swami Vivekanand

વર્ષ ૨૦૧૨ સ્વામી વિવેકાનંદને તેઓના ૧૫૦મા જન્મજયંતી વર્ષે શત શત કોટિ વંદન

- આંતરરાષ્ટ્રીય સ્તરનો નવયોજિત CCC અભ્યાસક્રમ
- ટેલિવિઝનના માધ્યમ દ્વારા પ્રત્યેક ઘરને વિદ્યાધામ બનાવતો "વિદ્યાસેતુ"
- ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાના વરદ્ હસ્તે ચાર ભાષાઓમાં ઉપલબ્ધ CCC અભ્યાસક્રમનું લોકાર્પણ

**BAOU TEAM**

પ્રત્યેક વિદ્યા ઉત્સુક માનવી સુધી શિક્ષણ- પ્રશિક્ષણ પહોંચાડવા પ્રયત્નશીલ...



કામધેનુ મોબાઈલ વાન વિશે માહિતી આપતાં માન.કુલપતિશ્રી



NASEOH એવોર્ડ મેળવતા માન. સભ્યશ્રી ડૉ. શ્રદ્ધાબહેન રાય



બી.એડ્. પ્રવેશ પ્રક્રિયા



માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવતા શ્રી. એલ.એન.નાયી



બી.એડ્. પ્રવેશ પ્રક્રિયા




ઈન્ટરનેશલ સેમિનાર ઓન એલીવેટીંગ લર્નિંગ



ઈન્ટરનેશલ સેમિનાર ઓન એલીવેટીંગ લર્નિંગ




ઈન્ટરનેશલ સેમિનાર ઓન એલીવેટીંગ લર્નિંગના સમાપન સમારોહમાં
માન.જયંતિ રવિ (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી)

# અનુક્રમણિકા


(1) કુલપતિશ્રીની કલમે 04

(2) કલાસરૂમ ઓન વ્હીલ્સ (કામધેનુ મોબાઈલ વાન),
કામધેનુ મોબાઈલ વાન પ્રતિભાવો 05

(3) એલીવેટીંગ લર્નિંગ તથા આંતરાષ્ટ્રીય CCC કોર્ષનું ઉદ્ઘાટન 06

(4) 'પ્રબુદ્ધન' પરિસંવાદ 07

(5) અભિમુખતા કાર્યક્રમ 07

(6) વર્ચ્યુઅલ કલાસરૂમ 08

(7) વિદ્યાસેતુ 08

(8) પરિચય બેઠક 09

(9) પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની બેઠક 09

(10) વિભાગીય માહિતી 09 to 12

- પ્રવેશ વિભાગ
- પરીક્ષા વિભાગ
- Ph.D વિભાગ
- B.Ed વિભાગ
- સ્વાધ્યાય વિભાગ
- ગ્રંથાલય–વિભાગ
- અભ્યાસ સામગ્રી વિભાગ
- SC/ST સેલ વિભાગ
- અભ્યાસકેન્દ્ર સંચાલન વિભાગ

(11) અધ્યયન અને શોધકાર્ય વિષયક 12

(12) Bhagavad Gita for the Present Generation II 13

(13) NASEOH Awards ,રાષ્ટ્રપતિ ચંદ્રક 15

(14) પરિસંવાદ, વકતવ્ય અને પ્રતિનિધિત્વ 15

(15) નવી માન્યતા આપવામાં આવેલ કેન્દ્રોની યાદી 16

(16) યુનિવર્સિટી દ્વારા બંધ કરવામાં આવેલ કેન્દ્રોની યાદી 17 to 20

(17) Train the Trainer તાલીમી કાર્યક્રમ 21

(18) પુસ્તક પરિચય 22

(19) નિશાળ બની વિશાળ : સ્વાગત મુકત શાળાનું 23

(20) પ્રાસંગિક 28

(21) સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશની નવી તક 28

(22) જ્ઞાનગંગા સંદર્ભે નમ્ર નિવેદન 28

# કુલપતિશ્રીની કલમે

Dear Reader

Namaskar and greetings!

The year 2012 is year of great historic, and cultural significance. It is the year of 150th Birth anniversary of Swami Vivekanand and 121st Birth Anniversary of Dr. Baba Saheb Ambedkar. Our respectful tribute to both these great visionaries, who contributed immensely in the making of a modern and progressive Bhaarat.

Since my last message to you through this News Letter "Gyanganga", our University has moved forward in multiple ways onto the path of realizing the objectives envisioned by both Swami Vivekanand and Dr. Babasaheb Ambedkar. i would like to highlight just three of these here.

**First:**
The following pages in this News Letter provide a glimpse of the response to the launch of "Kamdhenu" world's most advanced Classroom on Wheels. Shri Narendra Modi, Hon. Chief Minister of Gujarat State dedicated three ICT-enabled Mobile Classrooms to the nation. It is a historic step forward and a first-of-its-kind initiative by any state-funded Open University in the world. Please spare a few minutes glancing through the responses that the "Kamdhenu" received from IT professionals, academics, and students from across the world, who had gathered at the Mahatma Mandir, Gandhinagar, at the launch of the "Kamdhenu" during the e-INDIA event in December 2011.

**Second:**
The UNESCO-funded OER University, an international open University of a unique kind invited our University to be a founder-anchor member of the new University now taking shape. We have accepted the invitation with an overwhelming approval of the Board of Management, and feel proud to be the first and only state open University in India to have such a distinguished honour. Currently, our Certificate Course in Computer Concepts (CCC), a globally competitive revitalized IT-literacy Course for the beginners, is nominated as one of the prototype courses for the OER University. Again, a rare distinction for state open University in entire India! The details are available on wikieducator site at <http://wikieducator.org/OER_university/
Planning/OERu_2012_Prototype_nominations>

**Third:**
I am happy to report that the construction of our Campus, our home so to speak is in full swing. I feel quite confident that finally the year 2012 shall see us in our home, in our own Campus, for the first time since our inception in 1994! Thanks to the team work of so many individuals, organizations and most importantly the Government of Gujarat.

Our University seeks your guidance and creative suggestions for further improvement. Please feel free to share your ideas.

~manoj soni
Vice-Chancellor

## સ્વામી વિવેકાનંદના વિચારને સાકાર કરતું BAOUનું ગૌરવશાળી સોપાન

## CLASSROOM ON WHEELS

## ॥ કામધેનુ ॥



*સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતી વર્ષે તેમના સૂત્ર* "If the poor boy can not come to education, education must go to him" *ને સાકાર કરવા પ્રત્યેક વિદ્યા ઉત્સુક માનવી સુધી શિક્ષણ-પ્રશિક્ષણ પહોંચાડવા ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા કામધેનુ મોબાઈલ વાન રાષ્ટ્રને અર્પણ.*

આઈ.ટી.શિક્ષણ વર્ગખંડની માત્ર ચાર દીવાલો પૂરતું મર્યાદિત ન રહેતાં વિશ્વવ્યાપી ક્ષિતિજોને પહોંચી વળે અને તેનો લાભ છેવાડાના માણસો લઈ શકે તે માટે તા. 14/12/2011 ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય સંલગ્ન "કામધેનુ સ્ટડી સેન્ટર વાન"નું ઉદ્‌ઘાટન ગાંધીનગર, મહાત્મા મંદિર ખાતે માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કરવામાં આવ્યું. મહાત્મા મંદિર ખાતે યોજાયેલ ઈ–ઈન્ડિયા આઈ.ટી.સી. કોન્ફરન્સ અને એકિઝબિશનના ઉદ્‌ઘાટન સાથે આઈ.ટી.શિક્ષણ મોબાઈલ વાનનો સુભગ સમન્વય હતો. જે એક સામાન્ય માનવી માટે કોમ્યુનિકેશન ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ તથા આયામોનું મંથન ગુજરાતની ભૂમિ પર થશે. આ વાન દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં જઈને વિદ્યાર્થીઓને બેઝિક કમ્પ્યુટર્સ, એમ.એસ.ઓફિસ અને ઈન્ટરનેટનો ઉપયોગ, CCCની પરીક્ષાનું શિક્ષણ આપવામાં આવશે. પાસ થનાર વિદ્યાર્થીને યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવશે. 17 કોમ્પ્યુટર્સ અને અન્ય IT ટેકનોલોજીથી સજ્જ એવી ત્રણ મોબાઈલ વાન દ્વારા સામાન્ય માનવી પણ IT નું શિક્ષણ મેળવી શકશે.

## India's Top IT Professionals Welcome BAOU's Kamdhenu

### " કામધેનુ " મોબાઈલ વાન અંગે મુલાકાતીઓના મળેલા કેટલાક પ્રતિભાવો

તા.૧૪, ૧૫, ૧૬ ડિસેમ્બર, ૨૦૧૧ મહાત્મા મંદિર, ગાંધીનગર.

1 I know a dozen of Indian States and an equal number of Countries who are planning this programme for years but you have done it! Congratulations and great work!!!
- Manish a Sharma, Vice-President, Asia Pacific, Ncomputing,

2. I liked this concept very much. If you want to promote such a concept across India, and preferably the backward area of Maharashtra, I will promote this initiative to educational NGOs and entrepreneurs.
- Khemchandra Birhade, Vice-President, Business Development, Neurosynaptic Communications Pvt. Ltd

3. I like this idea for education, there are not facilities are not available class room in wheels. It's good and nice in rural and backward areas.
- V. D. Patel, Ahmedabad.

4. Very lovely project should be in other states too other than Gujarat.
- Sushil Kumar, MTSS (ES-IV), Software Technology Parks of India, (An Autonomous Society under Govt. of India,

5. I am happy to hear about this, great effort and very innovative. It will be a pleasure to associate with this. All the Best.
- Sanjeev Gupta, Senior Vice-President, Corporate & Public Policy Affairs, accenture,

6. A great concept to bring Computer Teaching to rural areas. We www.attendbyvideo.com can I __ so that other teaching can be extended through our online platform.
- Sunil Gupta, CEO, AttendByVideo, INDIA

7. Well planned. It should be reached to the required person in right way. In order to reach the same to the right person you may advertise in all required through proper media. All like learning computer. So my request is that you may properly advertise to reach to all required.
- Sarala Parthararthy, STPI, Gandhinagar.

8. This facility is very appreciating it in particular rural and remote area student as well as people and very most future appreciation.
   - Ajay Patel

9. Good infrastructure.
   - Gopal R. Khambhala, Bharat Zala, Jagdish, Vijay, Patel Manish (Students)

10. The concept of Mobile Learning in rural/town India is very good for my country and need more expansion of this **desire** and resources like your mobile van. It needs follow-up after one completion of course/feedback and get response of my after 2nd visit. Keep it up. For then all rural people who are far backward and other is part advance in our country. Make it have very fair.
   - Mit Chauhan, At. Dhanurala, Ta. Bavla, Dist. Ahmedabad.

11. We required that class will be starts in our area. Please inform me about the class.
   - Indrajitsinh (Bavla), Dist. Ahmedabad.

12. Very noteworthy idea to disseminate familiarity with ICTs and bridge the digital divide. All the Best !!!
   - Vineeta Shetty, Commonwealth Telecommunication Organization, London.

13. Very nice concept.
   - Peter Mozelilis,

14. It is very innovative concept for villagers and people located at rural area to create awareness about modern technology and to merge with ultramodern life style. Nice to visit this Van. Thanking you.
   - Keztis Gojj'z

15. Kamdhenu is a very good and useful step to educate Indian in masses. I am very much grateful to Kamdhenu service providers.
   - Chaudhary Anjali, Ahmedabad.

16. આપના દ્વારા ચલાવવામાં આવતા આ પ્રોજેક્ટ ખરેખર ખૂબ જ સુંદર છે કે જેના દ્વારા દરેક અંતરિયાળ વિસ્તારના ગામડાઓમાં રહેલા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર વિશેનું સામાન્ય જ્ઞાન આપી શકાય છે.
   – દરજી મોન્ટુ, પટેલ નિમેષ, પટેલ ગૌરવ એ., પટેલ સુનિલ કે., ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજાના વિદ્યાર્થીઓ

## એલીવેટીંગ લર્નિંગ તથા આંતરાષ્ટ્રીય CCC કોર્સનું ઉદ્‌ઘાટન

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય, અમદાવાદ, ભારતીય શિક્ષણ મંડળ, ગુજરાત પ્રાંત અને AIRER, ગુજરાત ચેપ્ટર (ERA)ના સંયુકત ઉપક્રમે International Conference on Elevating Learning, 3-4 Dec-2011ના રોજ ટાગોર હોલ, અમદાવાદ ખાતે યોજાયેલ, કોન્ફરન્સના ઉદ્‌ઘાટન સમારોહ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા વૈશ્વિક સ્તરના કોમ્પ્યુટર અભ્યાસક્રમ CCCનું દિનાંક ૩/૧૨/૨૦૧૧ ના રોજ માન. શિક્ષણમંત્રી ગુજરાત રાજય શ્રી રમણલાલ વોરાના વરદ હસ્તે અનાવરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે મહેમાનોનું સ્વાગત કરતી વેળાએ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. મનોજભાઈ સોનીએ દેશ વિદેશથી ઉપસ્થિત રહેલ મહેમાનો ધી સધર્ન યુનિવર્સિટી લ્યુસિયાના (USA) તેમજ દેશભરમાંથી ઉપસ્થિત રહેલ શિક્ષણવિદોને આવકાર્યા હતા. પ્રસ્તુત CCC અભ્યાસક્રમ કે જે ભારતની ચાર પ્રમુખ ભાષાઓ જેવી કે ગુજરાતી, અંગ્રેજી, હિંદી અને ઉર્દૂના માધ્યમથી ઓન–લાઈન શિક્ષણ પુરું પાડી જ્ઞાનનું વૈશ્વિક સ્તરે સંવર્ધન કરવા અર્થે સંપન્ન(સક્ષમ) છે. આ અભ્યાસક્રમ કોઈ પણ જાતિ કે ધર્મ કે રાષ્ટ્રના સીમાડાઓ વગર કોમ્પ્યુટરનાં અત્યાધુનિક અભ્યાસક્રમનો વ્યાપ કરશે. આ પ્રસંગે કોમ્પ્યુટર શિક્ષણની મહત્તાની છણાવટ કરતી વેળાએ માન. કુલપતિશ્રીએ પૌરાણિક પુરુષાર્થ ચતુષ્ટ વિશે માર્મિક ઉદાહરણ પ્રસ્તુત કરેલ. તેમના જણાવ્યા અનુસાર જે પ્રમાણે ધર્મથી મોક્ષ પ્રાપ્તિના માર્ગમાં દરેક મનુષ્યએ 'ઇહ' લોકના 'અર્થ' અને 'કામ'ને સમજવા જરૂરી છે.

ડૉ. સૌરભ ચોકસી, નિયામક J. G. College of Commerce એ, આવેલ મહેમાનોની વિગતે માહિતી આપી એચ. એમ પટેલ કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. રાજેન્દ્ર સિન્હા એ સેમિનારનું મિશન અને વિઝન પર પોતાનું વકતવ્ય આપી સેમિનારના પેટા વિષયો વિશે વાત કરી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય ઉપર તૈયાર કરેલ ફિલ્મ બતાવવામાં આવી શિક્ષણક્ષેત્રમાં સારું કાર્ય કરનાર તજ્જ્ઞોશ્રીઓ ડૉ. આર. કે. શાહ, પ્રો. જે. કે. દવે, ડૉ. મોતીભાઇ પટેલ , ડૉ. નટુભાઇ રાવળ અને ડૉ. શિલીન શુકલ વિગેરેનું સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી એચ. એમ પટેલ ઇન્સ્ટિટ્યુટના નિયામકશ્રી આર. પી. જાડેજા સાહેબે શિક્ષણના ઉર્ધ્વગામી અભિગમ વિશેનાં પોતાના મંતવ્યો આપેલ. તેઓએ OMKAR Open Matrix Knowledge Advancement Resource વિશે પણ વિસ્તૃત પરિચય આપેલ, જે આપણી યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક જગતને વિના મૂલ્યે પુરી પાડવામાં આવતી સેવા છે.

ઉદ્‌ઘાટન સભાના મુખ્ય અતિથિ માન. શ્રી રમણલાલ વોરા, શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય એ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્કારયુક્ત શિક્ષણની મહત્તા સમજાવી તેમણે જણાવ્યું કે જયારે વ્યકિત ચાલવા ખાતર ચાલે છે ત્યારે આપણે તેને માત્ર ચાલવાથી જ ક્રિયા ગણીએ છીએ, પરંતુ જયારે વ્યકિત કોઈ ચોક્કસ ઉદ્દેશથી ચાલે છે, ત્યારે તે 'જાત્રા' બની જાય છે. તેવી જ રીતે સમાજ ઉત્થાનના અભિગમથી શરૂ કરવામાં આવેલ આ કોમ્પ્યુટર અભ્યાસક્રમ એક વિશિષ્ટ અભ્યાસક્રમ તરીકે પ્રસ્થાપિત થશે.

સભાના અતિથિ વિશેષ તરીકે શ્રી જે. એસ રાજપૂતે પોતાના શૈક્ષણિક મંતવ્યમાં જણાવ્યું હતું કે કોઈ પણ સમાજે જો વર્તમાન સમયમાં પોતાની જાતને બાહ્ય આક્રમણો સામે સજ્જ થવું હશે તો આંતરિક રીતે મજબૂત થવું પડશે. આ પ્રકારની સજ્જતા યોગ્ય શિક્ષણના માધ્યમથી જ મેળવી શકાય.

પ્રાસંગિક બીજભાષણમાં–પ્રા.ઈ.મોહનરાજ, નિયામકશ્રી, સી. આઇ. ઇ. એલ એ શિક્ષણની ઉર્ધ્વગામી અસરો વિશે બોલતી વેળાએ મુખ્ય બે પુસ્તકોને કેન્દ્રમાં રાખ્યા હતા.

1. 'Freedom to Learn'- Karl Roger અને

2.'What did you ask in the School Today?' Kamala V. Mukundan

પ્રો. મોહનરાજ પોતાના વકતવ્યમાં વિદ્યાર્થીઓની પ્રશ્ન પુછવાની કળા અને તેના ફાયદાઓ વિશે સમજાવતી વેળાએ નચીકેતાનું દૃષ્ટાંત આપી પોતાની વાતને વકતાઓ સુધી સાહજીકતાથી પહોંચાડી, તેમને જાપાનીઝ 'તોતોચાન' અને 'દિવાસ્વપ્નની' સાથે, સભા UNESCOના "Learning To Be"માં સમજવામાં આવેલ શિક્ષકનો અભિગમ કે જેમાં શિક્ષક પોતાની વ્યકિતમત્તાને ઉત્તરોત્તર બિન–જરૂરી બનાવવાની કળા વિશે સમજૂતી આપેલી છે.

પ્રસંગોચિત આશીર્વચન આપવા ઉપસ્થિત સંતશ્રી સ્વામી પરમાત્માનંદજીએ પાશ્ચાત્ય અને ભારતીય શિક્ષણપદ્ધતિ વિશેના તફાવત વિશે સમજાવતી વેળાએ તેમની આગવી શૈલીમાં જણાવેલ કે આપણે ત્યાં શિક્ષક એ એક દૈવી સંપદા તરીકે ઓળખાય છે. ભારતમાં શિક્ષક અને શિષ્ય વચ્ચેનાં સંબંધને તેઓએ માતા અને પુત્ર સાથેના સંબધ સાથે સરખાવ્યો જયારે પશ્ચિમમાં આ પવિત્ર સંબંધને માત્ર વ્યવસાયિક દૃષ્ટિકોણથી જોવામાં આવે છે.

## પ્રબુદ્ધન

'ઈનોવેટિવ આઈડીયાસ એન્ડ પ્રેક્ટિસીસ' એવા વિષય સાથે આયોજિત 'પ્રબુદ્ધન' આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક પરિસંવાદ તા. 03/04/2011 ડિસેમ્બર દરમ્યાન ભારતીય શિક્ષણ મંડળ, ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય તથા ઓલ ઇન્ડિયા એસોસિએશન ફોર એજ્યુકેશન રિસર્ચ ગુજરાત ચેપ્ટર (ERA) સંયુક્ત ઉપક્રમે યોજાયો. આ પરિસંવાદમાં ચાર પેટા વિષયો હેઠળ કુલ ૧૫૦ થી વધુ સંશોધન લેખોનું વાચન થયું. જેમાં શિક્ષણમાં નાવીન્યયુક્ત વિચારો અને પ્રયોગો (Innovative Ideas and Practices), મુખ્ય અભ્યાસક્રમ (Premier Curriculum). વિદ્યાર્થી કેન્દ્રિત પરિક્ષણ અને મૂલ્યાંકન (Learner Oriental Testing and Evaluation) અને ભારતીય શિક્ષણ વિષયોનો સમાવેશ થાય છે. આ પરિસંવાદનું સમાપન તા. 04 ડિસેમ્બર 2011ના રોજ થયું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી જયંતિ રવિ (ઉચ્ચ શિક્ષણ કમિશ્નર), ડૉ. રવિન્દ્ર દવે, ડૉ. જે. એચ. પંચોલી, ડૉ. કે. એસ. લીખીયા, ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ડૉ. એસ. પી. મલ્હોત્રા, શ્રી પીયૂષ શાહ તથા શ્રી સૌરભ ચોકસી ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી રવિન્દ્ર દવેએ ભારતીય શિક્ષણ મુદ્રાઓનાં અર્થ અને મહત્ત્વ વિશે સુંદર વાત કરી હતી. જયારે શ્રીમતી જયંતિ રવિએ શિક્ષણમાં સતત નાવિન્ય માટેના આ પ્રયત્નને બિરદાવ્યો હતો.

## અભિમુખતા કાર્યક્રમ:

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયમાં નવા જોડાયેલા વ્યાખ્યાતાશ્રીઓ અને અધિકારીઓ જુદા જુદા વિભાગોની કાર્યપ્રણાલીથી અને યુનિવર્સિટીઓની ગતિવિધિઓથી માહિતગાર થાય તે માટે તા. 8 -11-2011 થી 17 -11-2011 સુધી અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયામકશ્રી, અધિકારીશ્રી અને વ્યાખ્યાતાશ્રીઓએ ભાગ લીધેલ. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના ઈન્ચાર્જશ્રીઓ દ્વારા વિભાગીય માહિતી અને વિભાગની કાર્યપ્રણાલીની વિગતે માહિતી આપી તેમાં ઉદ્‌ભવતા પ્રશ્નો અને નિરાકરણની વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ અભિમુખતા કાર્યક્રમમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી ડૉ. ગૌરાંગભાઈ જાની શિક્ષણ અને સમાજ, ડૉ. શ્રધ્ધાબહેન રાયે શિક્ષણના મૂલ્યો, ડૉ. મંદાબહેન પરીખે દૂરવર્તી શિક્ષણ અને અન્ય પર વિસ્તૃત અને રસસભર માહિતી આપી હતી. શ્રી પંકજ શુકલ દ્વારા વૉકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો અંગેની માહિતી આપવામાં આવી હતી. કુલસચિવશ્રી પીયૂષભાઈ શાહ દ્વારા યુનિવર્સિટીના એક્ટ, ઓર્ડિનન્સ, ખરીદ પધ્ધતિ અને અન્ય વહીવટી બાબતો પર વિસ્તૃત માહિતી પુરી પાડેલ. શ્રી મૂળચંદ રાણા દ્વારા વિગતે માહિતી આપવામાં આવી હતી.

આ અભિમુખતા કાર્યક્રમમાં નવા જોડાયેલા અને કાર્યરત કર્મચારીઓ માટે ખૂબ જ ફળદાયક નીવડયો. આ કાર્યક્રમમાં ભાગ લેનાર એકબીજાથી પરિચિત થયા, ઉપરાંત યુનિવર્સિટીનાં કાર્યલાપ અંગેની તેમની દૃષ્ટિ વિસ્તૃત બની.

## વર્ચ્યુઅલ કલાસરૂમ :

કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આજના સ્પર્ધાત્મક યુગમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન ઘર આંગણે ઉપલબ્ધ થાય અને શૈક્ષણિક જ્ઞાનની આપ–લે કરી શકે તે માટે ઇન્ટરનેટ ટેકનોલૉજીનો ઉપયોગ કરી 'ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી' અને 'ડૉ. બાબાસાહેબ આંબેડબર મુકત વિશ્વવિદ્યાલયના' સંયુકત ઉપક્રમે 'Virtual class room' નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ કલાસરૂમમાં વિદ્યાર્થીઓ અને વકતા વચ્ચે Live video conferencingની સુવિધા દ્વારા વિદ્યાર્થી પોતાને મૂંઝવતા પ્રશ્નો પુછીને ઉકેલ મેળવી શકે છે. તા. 19 અને 20 Oct 2011 ના રોજ નિરમા યુનિવર્સિટી, અમદાવાદના

(1) પ્રો. જે. પી રૂપરેલીયા દ્વારા Chemical Engineering for chemists તથા

(2) પ્રો. એન. એસ. પટેલ દ્વારા Chemists & Chemical Engineers "make the world a Better modern through modern developments in heterogeneous catalysis." વિષય પર વકતવ્ય આપેલ. વિદ્યાર્થીઓએ પોતાના મૂંઝવતા પ્રશ્નો પુછી પ્રત્યુત્તર મેળવ્યો. આજના ઇન્ટરનેટના યુગમાં વિદ્યાર્થીઓના જ્ઞાન, કૌશલ્ય અને નિપુણતામાં ઘર આંગણે વધારો કરવા માટે આ કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી બની રહેશે.

## વિદ્યાસેતુ:

### દૂરદર્શનના માધ્યમથી દૂરવર્તી શિક્ષણ:

દૂરવર્તી શિક્ષણ વ્યવસ્થામાં એક ડગલું આગળ ભરતાં BAOU સ્વામી વિવેકાનંદની 150મી જન્મ જયંતીના વર્ષે તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની 121મી જન્મજયંતીનાં વર્ષે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય અને દૂરદર્શન અમદાવાદના સહયોગથી તા.28/01/2012ની વસંતપંચમીના શુભ પર્વે શૈક્ષણિક કાર્યક્રમ 'વિદ્યાસેતુ'નો શુભારંભ દૂરદર્શન અમદાવાદના ગિરનાર ચેનલ પરથી મહામહિમ કુલપતિશ્રી ડૉ. કમલાજી તથા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે સ્વામીશ્રી આધ્યાત્માનંદજીએ પણ જીવંત પ્રેરણાદાયી સંવાદ આપ્યો હતો. આ કાર્યક્રમ તા. 29/01/2012 ના રોજ સવારે 11.00 થી 12.00 કલાક દરમિયાન પુનઃ પ્રસારિત થયો હતો.

- આ કાર્યક્રમ દ્વારા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને તેમજ અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને વિવિધ વિષય નિષ્ણાત દ્વારા વિષયનું તલસ્પર્શી માર્ગદર્શન મળી રહેશે. 'વિદ્યાસેતુ' કાર્યક્રમ દર શનિવારે સાંજે 8 થી 9 દરમ્યાન દૂરદર્શનની ગિરનાર ચેનલ પર ફોન ઈન કાર્યક્રમ દ્વારા જોઇ શકશે. તથા રવિવારે સવારે 11 થી 12 પુનઃ પ્રસારણ થશે.
- આ શ્રેણી ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય સાથે સંલગ્ન વિદ્યાર્થીઓને, યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોને સમજવામાં મદદરૂપ થશે. દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદના સ્ટુડિયોમાં ઉપસ્થિત જે તે વિષય નિષ્ણાંત સાથે ફોન દ્વારા સંપર્ક કરી ગુજરાત તેમજ બહાર વસેલા વિદ્યાર્થીઓ તેમજ અન્ય દર્શકો પોતાની સમસ્યાનો ઉકેલ લાવી શકશે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહેલા વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય સામાન્યજનને પણ રસ પડે એવા વિષયોને આ કાર્યક્રમમાં સમાવવામાં આવનાર છે.

### "વિદ્યાસેતુ" કાર્યક્રમ અંતર્ગત નીચેના કાર્યક્રમ યોજાઇ ગયા.

**વિષય: સ્પે.બી.એડ્.**
**તજ્જ્ઞ :** ડૉ. શ્રદ્ધાબહેન રાય, ડૉ. ભાસ્કર મહેતા
**પ્રસારણ :** *તા. ૪-૨-૨૦૧૨, શનિવાર , સાંજે ૮.૦૦ થી ૯.૦૦*
**પુનઃ પ્રસારણ:** *તા. ૫ -૨-૨૦૧૨, રવિવાર, સવારે ૧૧.૦૨ થી ૧૨.૦૦*

**વિષય: બી.એડ્.**
**તજ્જ્ઞ :** ડૉ. મહેન્દ્ર ચોટલિયા, ડૉ. આર. ડી. મૂળિયા
**પ્રસારણ :** *તા. ૧૧-૨-૨૦૧૨, શનિવાર , સાંજે ૮.૦૦ થી ૯.૦૦*
**પુનઃ પ્રસારણ:** *તા. ૧૨ -૨-૨૦૧૨, રવિવાર, સવારે ૧૧.૦૨ થી ૧૨.૦૦*

**વિષય: સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટર કન્સેપ્ટ (CCC)**
**તજ્જ્ઞ :** ડૉ. નીતાબહેન શાહ, ડૉ. વિમલ પંડ્યા
**પ્રસારણ :** *તા. ૧૮-૨-૨૦૧૨, શનિવાર, સાંજે ૮.૦૦ થી ૯.૦૦*
**પુનઃ પ્રસારણ :** *તા. ૧૯ -૨-૨૦૧૨, રવિવાર, સવારે ૧૧.૦૨ થી ૧૨.૦૦*

**વિષય: કુપોષણ: આહાર, વિચાર, વિહારનું**
**તજ્જ્ઞ :** પૂજ્ય શાંતિભાઈ ,ડૉ. આરતી પટેલ, ડૉ. જયેશ પટેલ
**પ્રસારણ :** *તા. ૨૫-૨-૨૦૧૨, શનિવાર, સાંજે ૮.૦૦ થી ૯.૦૦*
**પુનઃ પ્રસારણ :** *તા. ૨૬ -૨-૨૦૧૨, રવિવાર, સવારે ૧૧.૦૨ થી ૧૨.૦૦*

**વિષય : બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ**
**તજ્જ્ઞ :** શ્રી.પી.સી. શાહ, ડૉ. ચેતના શાહ
**પ્રસારણ :** *તા. ૦૩ -૩-૨૦૧૨, શનિવાર, સાંજે ૮.૦૦ થી ૯.૦૦*
**પુનઃ પ્રસારણ :** *તા. ૦૪ -૩-૨૦૧૨, રવિવાર, સવારે ૧૧.૦૨ થી ૧૨.૦૦*

## પરિચય બેઠક
## ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી,ગાંધીનગર

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા તા. 9/1/2012 ના રોજ ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે CHOICE BASED CREDIT SYSTEM (CBCS) માટેની પરિચય બેઠકનું આયોજન થયું હતું. જેમાં આપણી યુનિવર્સિટીના વ્યાખ્યાતાઓ શ્રી હરદીપસિંહ ગોહિલ(અંગ્રેજી) અને ડૉ. હેતલ ગાંધી (ગુજરાતી) એ આપણી યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યુ. તેમાં યુનિવર્સિટીના કાર્યો, યુનિવર્સિટીમાં ચલાવવામાં આવતા અભ્યાસક્રમો વિશે તથા તેના અનુસંધાને CHOICE BASED CREDIT SYSTEM (CBCS)ના માળખા વિશે વિસ્તૃત છણાવટ કરવામાં આવી. ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયના વિવિધ ક્રેડિટના માસ્ટર, બેચલર, ડિપ્લોમા અને સર્ટીફિકેટ લેવલ પર ચાલતા 151 જેટલા વિવિધ અભ્યાસક્રમોમાંથી પોતાની પસંદગીના અભ્યાસક્રમમાં શિક્ષણ મેળવી કૌશલ્ય પ્રાપ્ત કરી શકે છે. તે વિશેનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યું. આ પરિચય બેઠકમાં 40 જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતા.

ટેકનોલોજીમાં અભ્યાસ કરનાર અભ્યાસુઓ માટે અભ્યાસની સાથે સાથે આ યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ વિષયના અભ્યાસક્રમોમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે ભણતરના દ્વાર ખુલ્લા કરે છે. આ પ્રકારની સુવિધા એક માત્ર ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા જ વિદ્યાર્થીઓને મળે છે, જે માહિતીથી તેમને પરિચિત કર્યા. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અભ્યાસના માર્ગદર્શન હેતુ પરામર્શન બેઠકો, પ્રાયોગિક કાર્યો, સ્વાધ્યાયકાર્યોની સુવિધા તથા તેની ઉપયોગિતા વિશે માહિતગાર કર્યા. આ ઉપરાંત ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયના અત્યાધુનિક ટેકનોલોજી અને ઉત્કૃષ્ટ શિક્ષણ સામગ્રીના સુભગ સમન્વયની ભૂમિકા પ્રસ્તુત કરી. આ સાથે આ વર્ષથી યુનિવર્સિટીએ પુનરાવર્તીત કરેલ CCC (કોમ્પ્યુટર બેઝીક કોર્સ) તેમજ નવો શરૂ કરેલ DSL (ડિપ્લોમા ઈન સંસ્કૃત લેગ્વેંજ)ના કોર્સથી પણ વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા.

ઉપરોકત ચર્ચા ઉપરાંત સદર આયોજનમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ, આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિઓએ તેમજ GFSUના અધિકારીઓની સાથે મળીને પોતાની સમસ્યાઓ વિશે ચર્ચા વિચારણા કરી હતી. આ સાથે સફળ, પરિચય બેઠકનું આયોજન થયું હતું.

## અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામ એડવાઇઝરી કમિટીની થયેલી બેઠકો

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઇઝરી કમિટીઓની યુનિવર્સિટી મુખ્યમથકે બેઠક મળી અને જે તે અભ્યાસક્રમો અંગે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

1. બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ (BLIS)
2. બેચલર ઓફ સાયકોલોજી

ઉપરોકત અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીમાં અભ્યાસક્રમ ગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાંત દ્વારા થાય તેમજ તેના સ્વાધ્યાયકાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું. આ તમામ બાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે. તથા જે- તે અભ્યાસક્રમોની અભ્યાસ સામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી નિષ્ણાંતોને સોંપવામાં આવી.

## પ્રવેશ વિભાગ

યુનિવર્સિટીની પ્રવેશ અને પરીક્ષાની કામગીરી સુચારુરૂપે થાય તે માટે પ્રવેશ ઓગસ્ટ–૨૦૧૧ સત્ર અન્વયે જાહેરાત આપી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. જે અનુસંધાને કુલ 19467 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ.

ફેબ્રુઆરી–૨૦૧૨ની પ્રવેશ પ્રક્રિયાનો સત્ર સમયગાળો તા. ૧૫–૧૧–૨૦૧૧ થી ૩૧–૧૨–૨૦૧૧ સુધીનો નિશ્ચિત કરવામાં આવેલ તથા તે સંદર્ભે વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવી હતી. આ સંદર્ભે ફેબ્રુઆરી–૨૦૧૧ના સત્રમાં BPP અભ્યાસક્રમ પાસ કરેલ વિદ્યાર્થીઓને B.A./B.Com. માં ફેબ્રુઆરી–૨૦૧૨ સત્રથી પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું. જે અનુસંધાને તેમને પ્રવેશ ફોર્મ પોસ્ટ દ્વારા મોકલવામાં આવેલ. આ ઉપરાંત પ્રમોટી (F.Y.B.A./B.Com.) માટેના પ્રવેશ ફોર્મ આપણી યુનિવર્સિટીની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ. જેથી વિદ્યાર્થીઓને આ પ્રવેશ ફોર્મ સરળતાથી વિના મૂલ્યે ઉપલબ્ધ થઈ શકે તથા અભ્યાસકેન્દ્રોને BPP પાસ પ્રમોટી વિદ્યાર્થીઓના ફોર્મ સ્વીકારવા સૂચના આપવામાં આવી.

આ ઉપરાંત પેટા કેન્દ્રોને તેમના વિદ્યાર્થીઓના પ્રવેશફોર્મ તેમના જિલ્લા કેન્દ્ર પર મોકલવાનું સમયપત્રક જરૂરી સૂચનાઓ સાથે આપવામાં આવેલું હતું. જે અનુસંધાને હાલમાં બધા કેન્દ્રોમાંથી પ્રવેશ ફોર્મ યુનિવર્સિટી ખાતે પ્રાપ્ત થયેલ છે તથા પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે, જે પૂર્ણ થયેથી જે–તે કેન્દ્રો પર પરામર્શન વર્ગો શરૂ કરવામાં આવશે.

## પરીક્ષા વિભાગ

- આરોગ્યને લગતા અભ્યાસક્રમો DVHW, DMCH & CTBA અભ્યાસક્રમની પ્રાયોગિક તાલીમ તા. ૦૧–૧૨–૨૦૧૨ ના રોજથી ૧૫–૧૫ દિવસની તબક્કાવાર તાલીમનું આયોજન કરવામાં આવેલ. આ અભ્યાસક્રમની પ્રાયોગિક પરીક્ષા એપ્રિલ માસમાં આયોજીત કરવામાં આવનાર છે.
- B.Ed. & Sp.B.Ed. Dec-2011 ની સત્રાંત પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ. જે અન્વયે Sp.B.Ed.નું પરિણામ જાહેર કરવામાં આવેલ છે. અને B.Ed.નું પરિણામ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.
- યુનિવર્સિટી દ્વારા ઓગસ્ટ/સપ્ટેમ્બર–૨૦૧૧માં લેવાયેલ તમામ અભ્યાસક્રમના પરિણામ જાહેર કરી દેવામાં આવેલ છે.
- યુનિવર્સિટી દ્વારા ઓક્ટોબર–૨૦૧૧માં લેવાયેલ CCC-BAOU ની માર્કશીટ તથા સર્ટીફિકેટ વિદ્યાર્થીના નોંધાયેલ સરનામે મોકલી આપવામાં આવેલ છે.
- યુનિવર્સિટી દ્વારા ઓગસ્ટ/સપ્ટેમ્બર–૨૦૧૧માં પરીક્ષા કેન્દ્ર ખાતે ગેરરિતી આચરતા ૯(નવ) પકડાયેલ વિદ્યાર્થીઓને પરીક્ષા શિસ્ત સમિતિની ભલામણ અનુસાર સજા કરવામાં આવેલ છે. તથા જે તે પરીક્ષા કેન્દ્રો ખાતે ગેરરીતિ આચરણ બાબતે પરીક્ષકશ્રી દ્વારા થયેલ રીપોર્ટ અન્વયે કુલ ૧૧૯ વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં કારણદર્શક નોટીસ મોકલવામાં આવનાર છે.

**યુનિવર્સિટી દ્વારા આગામી સત્રાંત પરીક્ષા જુલાઈ માસમાં લેવાનાર છે. જે માટે તમામ પરીક્ષાર્થીઓએ નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફોર્મ ભરીને મોકલી આપવા આવશ્યક છે.**

August-2011માં લેવાયેલ પરીક્ષાલક્ષી કામગીરી પૂર્ણ થયા બાદ નીચે મુજબના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે.

1. BPP
2. Certificate Course (CALT, CCAW, CCBP, CCCD, CCSE, CEA, CES, CFN, CIN, CMT, CTBA, CTE, CTM, CYS, CCC-BAOU, CIC, CPCS)
3. Master Course (MSO, MGT, MSW, MHD, MEG)
4. Diploma Course (DMCH, DFM, DACA, DVHW, DOR, DAA, DIN)

બેચલર્સ કોર્સમાં જે વિદ્યાર્થીઓએ પૂરેપૂરા ક્રેડિટ પૂર્ણ કર્યા બાદ માર્કશીટ મેળવેલ વિદ્યાર્થીઓની યાદી મહામહિમ યુનિવર્સિટીના કુલાધિપતિશ્રીની મંજૂરી મળ્યા બાદ નીચે પ્રમાણે ડિગ્રી સર્ટીફિકેટ આપવામાં આવેલ છે.

1. B.A. - 507
2. B.Com. - 64

- યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર ઓપરેટર તેમજ પ્રોગ્રામરની ભરતી માટે, અનુક્રમે 250 તેમજ 90 વિદ્યાર્થીઓની ઓનલાઈન સ્ક્રેનિંગ ટેસ્ટ, અમદાવાદ ટેકનીકલ ઈન્ટિટયુટ, ગોતા ખાતે તા. 23, 24 ડિસેમ્બરના રોજ યોજવામાં આવેલ. યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન ટેસ્ટનો આ સૌપ્રથમ પ્રયોગ કરેલ. જે સફળતાપૂર્વક પૂર્ણ થયેલ.

તા. 07/01/2012 તેમજ 08/01/2012ના રોજ CCC-BAOU, CIC, CPCS, BPP અભ્યાસક્રમની સત્રાંત પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ અન્ય અભ્યાસક્રમની સત્રાંત પરીક્ષા તા. 06/02/2012ના રોજ લેવાયેલ. જેનું પરિણામ આવનાર ટૂંક સમયમાં જાહેર થશે.

જુલાઇ– 2012માં પરીક્ષા આપવા માગતા વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ૧ માર્ચ થી ૩૦ એપ્રિલ સુધી ફરજિયાત ભરવાના રહશે.

## Ph.D વિભાગ

પી. એચ. ડી. અભ્યાસક્રમમાં 2011 સુધી 62 વિદ્યાર્થીઓને પી.એચ.ડી. વાયવા પૂર્ણ કરી નોટીફિકેશન આપવામાં આવેલ છે. અને 44 વિદ્યાર્થીઓના સર્ટીફિકેટ તૈયાર થયેલ છે. જે વિદ્યાર્થીઓના ઘરે પહોંચાડવાની કામગીરી કરવામાં આવી.

## બી.એડ.વિભાગ

બી. એડ્. 2011 ના પ્રવેશ ફોર્મ વિતરણ તા. 25/07/2011 બી. એડ.નાં દસ કેન્દ્રો અને રાજકોટ રીજીયોનલ સેન્ટરેથી બી. એડ્. પ્રવેશ ફોર્મનું વિતરણ કરવામાં આવેલ. બિન અનામત કક્ષાના વિદ્યાર્થીઓનું મેરીટ 98 SEBC ના વિદ્યાર્થીઓનું મેરીટ 92 SC ના વિદ્યાર્થીઓનું મેરીટ 87 અને ST ના વિદ્યાર્થીઓનું મેરીટ 64 સુધી આમ કુલ 445 વિદ્યાર્થીઓને તા. 26, 27 અને 28/11/11 ત્રણ દિવસ દરમ્યાન પ્રવેશ પ્રક્રિયાની કામગીરી કરવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓને દસ કેન્દ્રો પર પ્રવેશ આપવામાં આવેલ 500 સીટો પૈકી 65 સીટો પર તા. 22/1/12 ના રોજ પ્રવેશ પ્રકિયા દ્વારા ખાલી જગ્યાઓ ભરવાની કામગીરી કરવામાં આવશે. વિદ્યાર્થીઓના પ્રવેશસત્રની શરૂઆત તા. 25/12/11 ના રોજ થયેલ છે. અભ્યાસકેન્દ્રની અનુકૂળતાએ પ્રથમ પરિચય બેઠકનું આયોજન કરવામાં આવશે, પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની યાદી પ્રવેશકેન્દ્રો પર મોકલવામાં આવેલ છે. બન્ને વર્ષના સ્વાધ્યાયકાર્યો લખીને સમય મર્યાદામાં પોતાના અભ્યાસકેન્દ્રો પર પહોંચતા કરવા તેમજ યુનિવર્સિટીની વેબ–સાઈટ ઉપર (www.baou.edu.in) પર મૂકવામાં આવ્યા.

## સ્વાધ્યાય વિભાગ

યુનિવર્સિટીમાં ચાલતા દરેક અભ્યાસક્રમ માટે દૂરવર્તી શિક્ષણના અનુરૂપ તૈયાર થયેલ અભ્યાસ–સામગ્રી વિદ્યાર્થીઓને વર્ગ–વ્યાખ્યાનના વિકલ્પે સ્વ–અધ્યયન માટે આપવામાં આવે છે. વિદ્યાર્થીઓએ પોતાની ગતિ, શકિત અને અનુકૂળતા મુજબ તેનું સતત વાચન કરે છે. સતત વાચનથી વિદ્યાર્થીઓ જે શીખ્યા છે, સમજયા છે, તેના મૂલ્યાંકનના ભાગરૂપે પાઠયક્રમ દીઠ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરી પોતાના અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટી ખાતે જમા કરવાના હોય છે. પોતાના પાઠયક્રમોના સ્વાધ્યાયકાર્યો વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલા નક્કી કરેલ તારીખોમાં ફરજિયાતપણે જમા કરાવવા કારણ કે સત્રાંત પરીક્ષાના પરિણામમાં ૩૦% ભારાંક સ્વાધ્યાયકાર્યોના ગુણના હોય છે. યુનિવર્સિટીના નિયમ મુજબ પાઠયક્રમ દીઠ રજુ કરેલા સ્વાધ્યાયકાર્યોમાં પાસ થવું જરૂરી છે જે પાઠયક્રમના સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ હોય તેના સ્વાધ્યાયકાર્ય વિદ્યાર્થીને ફરીથી રજુ કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ સતત અધ્યયનના આધારે તૈયાર કરેલ સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન જે તે વિષયના અનુભવી તજજ્ઞો પાસેથી કરાવવામાં આવે છે.

દૂરવર્તી શિક્ષણમાં વિદ્યાર્થીઓ પાસેથી સ્વાધ્યાયકાર્યો લખીને તૈયાર કરાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પરીક્ષા માટે માર્ગદર્શન આપવાનું હોય છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્ર જેવું હોય છે. તેના જવાબમાં અભ્યાસ–સામગ્રીનું પુનરાવર્તન કરવાનું હોતું નથી પરંતુ વિદ્યાર્થીઓ સતત વાચનથી જે શીખ્યા, જે સમજયા, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી વિદ્યાર્થીઓએ સ્વાધ્યાયકાર્ય તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરવી જોઈએ.

ઓગસ્ટ–૨૦૧૧માં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓને સ્વાધ્યાયકાર્ય અભ્યાસ–સામગ્રી સાથે મોકલવામાં આવેલ છે. પોતાના સ્થળથી દૂર નોકરી, ધંધા કરનાર વિદ્યાર્થીઓ માટે તમામ પાઠયક્રમના(નવી–જૂની બન્ને પધ્ધતિ)ના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. રજૂ કરેલા સ્વાધ્યાયકાર્યો તા.૨૮/૨/૨૦૧૨ સુધીમાં વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે, **હવે પછી વિદ્યાર્થી જે વિષયના સ્વાધ્યાયકાર્યો જમા કરશે તે વિષયના સત્રાંત પરીક્ષાના પરિણામ સ્વાધ્યાયકાર્યના ગુણ સાથે બહાર પાડવામાં આવશે જેથી વિદ્યાર્થીઓને ફાઈનલ માર્કશીટ લેવાની હોય ત્યારે સ્વાધ્યાયકાર્યોના ગુણ માટેની કોઈપણ મુશ્કેલી ઊભી ન થાય.**

તમામ અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્ર પરથી વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્યોના મૂલ્યાંકનના ગુણ મંગાવવા માટે પત્રો, સ્મૃતિપત્રો મોકલવામાં આવેલ છે. ઓગસ્ટ–૨૦૧૦ ના વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્યના ગુણ મંગાવવા માટે જે તે અભ્યાસકેન્દ્ર પર જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના નામ, નંબર, વિષય સાથેની યાદી ગુણ/ગ્રેડ યાદી પત્રક સાથે મોકલાવામાં આવેલ છે. હાલમાં અભ્યાસકેન્દ્ર પરથી યુનિવર્સિટી ખાતે વિભાગમાં આવેલ ગુણપત્રકોની કોમ્પ્યુટરમાં એન્ટ્રીની કામગીરી, તેના ચેકલીસ્ટ ચેક કરવાની કામગીરી ચાલી રહી છે.

ઓગસ્ટ–૨૦૧૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્યોના ગુણ મંગાવવા માટે ગુણ ગ્રેડયાદી, પત્રક સાથે વિદ્યાર્થીઓના નામ, નંબર, વિષય સંખ્યા સાથેની યાદી દરેક અભ્યાસકેન્દ્રો પર મોકલવાની પ્રક્રિયા ચાલુ છે. ઓગસ્ટ–૨૦૦૯ પહેલા B.A./B.Com માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પોતાના(જૂની પધ્ધતિ)ના સ્વાધ્યાયકાર્યોમાં ત્રીજા નંબરના સ્વાધ્યાયકાર્ય(CMA) મૂલ્યાંકન માટે યુનિવર્સિટી ખાતે મોકલવાના રહેશે.

## ગ્રંથાલય વિભાગ

બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ અભ્યાસક્રમના સત્ર Aug-2011ના પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓના આઈકાર્ડ, અભ્યાસસામગ્રી અને સ્વાધ્યાયકાર્ય મોકલી આપવામાં આવેલ છે. પરામર્શન સત્રોનું આયોજન કરી કેન્દ્રો પર મોકલી આપવામાં આવેલ છે. પરામર્શકોનું નવિનીકરણ કરવાનું હોવાથી BLIS કેન્દ્રોએ તાકીદે પરામર્શકોના નામ અને બાયોડેટા મોકલી આપવા. જેથી સમયસર કામગીરી થઈ શકે.

BLIS અભ્યાસક્રમની PACની બેઠક અને ગ્રંથાલય સમિતિની આઠમી બેઠક મળી હતી એક વર્ષની સૈધ્ધાંતિક મંજુરી આપેલ BLIS કેન્દ્રની LICની કાર્યવાહીનું આયોજન કરવામાં આવેલ છે.

## અભ્યાસ–સામગ્રી વિભાગ

દૂરવર્તી શિક્ષણમાં વિદ્યાર્થીએ સ્વ–અધ્યયન અને સતત અધ્યયન કરવું અનિવાર્ય છે. તેના પાયામાં ઉત્કૃષ્ટ અને પર્યાપ્ત અભ્યાસ–સામગ્રીનું અધ્યયન રહેલું છે. યુનિવર્સિટીના પ્રવેશ સત્ર ઓગસ્ટ-2011 માં 133 કેન્દ્રો પર 19,502 વિદ્યાર્થીઓ માટે તેમના પસંદ કરેલા

અભ્યાસક્રમની સમગ્ર અભ્યાસ–સામગ્રી તેમના કેન્દ્રો પર પહોંચાડવામાં આવી. આ ઉપરાંત વર્ષ–2011 માં IHTM ના 156 કેન્દ્રો પર 1144 વિદ્યાર્થીઓની, B.Ed.(General)ના 10 કેન્દ્રો પર 500 વિદ્યાર્થીઓની, B.Ed.(Special)ના 8 કેન્દ્રો પર 341 પ્રવેશાર્થીઓ તથા બેચરલ ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ(BLIS) અભ્યાસક્રમના 18 કેન્દ્રોના 295 વિદ્યાર્થીઓની અભ્યાસ–સામગ્રી યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો પર ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા પહોંચાડવામાં આવી. આ આખા વર્ષ દરમ્યાન જુદા જુદા જિલ્લાઓમાં અભ્યાસ–સામગ્રી મોકલવા માટે 20 જેટલી ટ્રાન્સપોર્ટ કંપનીનો ઉપયોગ કરી 2166 પાર્સલો રવાના કર્યા.

વિદ્યાર્થીઓ આ અભ્યાસસામગ્રીનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને દૂરવર્તી શિક્ષણના મૂળ ઉદ્દેશ્યને યથોચિત્ત સફળ બનાવે તેવી આશા છે.

**ST/SC CELL**

અમદાવાદ, સૂરત અને ભાવનગર જિલ્લામાંથી મંજૂર થઈ આવેલ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને રજી. એડીથી મોકલવાની કામગીરી ચાલુ છે. ફેબ્રુઆરી–૨૦૧૧ સત્રના શિષ્યવૃત્તિ ફોર્મની દરખાસ્તો આણંદ, અમરેલી, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, જૂનાગઢ, પંચમહાલ, સુરેન્દ્રનગર, કચ્છ–ભૂજ અને પાટણ જિલ્લાઓમાં મોકલવામાં આવેલ છે. સદર કચેરીઓમાંથી મંજૂર થયેલ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને મોકલવામાં આવશે. વર્ષ–૨૦૦૬, ૨૦૦૭, ૨૦૦૮, ૨૦૦૯ તથા ૨૦૧૦ના વર્ષોમાં જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર થઈ નથી તેવા વિદ્યાર્થીઓની યાદી સાથેનું સ્મૃતિપત્ર–૪ રાજયના ૧૯ જિલ્લાઓની સમાજકલ્યાણ કચેરી ખાતે તથા જે તે જિલ્લાઓના કલેકટરશ્રીને, ચીફ ઓફિસરશ્રી ઉપરાંત અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે. હાલમાં ઓગસ્ટ–૨૦૧૧ BLIS અભ્યાસક્રમના વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિ ફોર્મ સેન્ટર પર મોકલવાની કામગીરી ચાલુ છે. શિષ્યવૃત્તિ ફોર્મ સેન્ટર પરથી મેળવી તા. ૩૦/૦૧/૨૦૧૧ સુધી યુનિવર્સિટી ખાતે જમા કરાવવા. જેની નોંધ વિદ્યાર્થીઓએ લેવી. સમય મર્યાદા પૂર્ણ થયે શિષ્યવૃત્તિ ફોર્મ કે જૂના ભરેલા ફોર્મ યુનિવર્સિટી ખાતે સ્વીકારવામાં આવશે નહી.

## અભ્યાસકેન્દ્ર સંચાલન વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા જે અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રોને વિદ્યાર્થીઓની સંખ્યાના આધારીત ઓગસ્ટ–2011 થી ઓકટોબર–2011 ત્રણ માસનું માનદવેતન ચૂકવવામાં આવેલ છે. નવેમ્બર–2011 થી જાન્યુઆરી–2012 ત્રણ માસનું માનદવેતન એડવાન્સ ચૂકવવામાં આવેલ છે. ઓગસ્ટ–2011 થી જાન્યુઆરી–2012 સુધીનું કુલ છ માસનું માનદવેતન(મહેકમ) ચૂકવવામાં આવેલ છે.

## અધ્યયન અને શોધકાર્ય વિષયક

**શીર્ષક** : નારીકેન્દ્રી આત્મકથાઓ : એક અભ્યાસ

**સંશોધક** : *ડૉ. હેતલ ગાંધી*

**માર્ગદર્શક** : *ડૉ. કીર્તિદાબહેન શાહ, વિભાગીય અધ્યક્ષ (ગુજરાતી), ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

**વિશ્વવિદ્યાલય** : *ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

**પદવી** : *પી.એચડી.*

આ મહાશોધ નિબંધમાં 'પૈડાંવાળી ખુરશી'(નસીમા હુરજૂક); 'બાઈ'(વિમલાબાઈ); 'મનોહર છે, તો પણ...'(સુનીતા દેશપાંડે); 'રંભાબહેન ગાંધી–પ્રતિભા દર્શન(રંભાબેન ગાંધી); 'રેવન્યુ સ્ટેમ્પ'(અમૃતા પ્રિતમ); 'સર્વને મારા નમસ્કાર'(કાનનદેવી) – આ છ આત્મકથાઓનો અભ્યાસ કર્યો છે. આત્મકથાનું સ્વરૂપ સત્ય આધારિત છે. આપણા ગુજરાતી સાહિત્યમાં ૨૦મી સદીથી આત્મકથાનું સ્વરૂપ મળતું થાય છે. સમાજની સામે પોતાના જીવનની બનેલી ઘટનાઓને–હકીકતોને રજૂ કરવા માટે હિંમત જોઈએ. સાહિત્યમાં પુરુષકેન્દ્રી ઘણી આત્મકથાઓ ઉપલબ્ધ છે, તથા તે ક્ષેત્રે અનેક શોધકાર્ય પણ થયેલ છે. ઘણી આત્મકથાઓના વાચન બાદ નારીના જીવન અને જીવન પ્રત્યેની દૃષ્ટિને જાણવાની જિજ્ઞાસાએ નારીકેન્દ્રી આત્મકથાના વિષયનો આવિર્ભાવ આપ્યો. ૨૦મી સદી પહેલાં પુરુષપ્રધાન સમાજમાં નારીની કથળેલી સ્થિતિમાં તેનો દબાયેલો અવાજ બહાર આવવો કદાચ અસંભવ હતો. આત્મકથા લખવાથી સ્ત્રીને થતા અન્યાય, માનહાનિ, ભેદભાવ, લાચારી, સંવેદનો તરફ આખા સમાજનું ધ્યાન જાય તે જરૂરી છે. આજે ૨૦મી સદીના સમાજમાં જાગૃતિ વધવાથી, શિક્ષણનો વ્યાપ વધવાથી, સામાજિક અને કાયદાકીય ટેકો મળવાથી પણ ખૂબ ઓછા પ્રમાણમાં પણ સ્ત્રીઓ આત્મકથા લખતી તો થઈ જ છે. વિવિધ વ્યવસાયમાં કાર્યશીલ, વિવિધ ભાષાની ઘણી સ્ત્રીઓ પોતાનાં સંવેદનો આત્મકથા સ્વરૂપે લખતી થઈ છે. અહીં ભારતીય ભાષાની વિવિધ આત્મકથાઓનો અભ્યાસ કરવાનો ઉદ્દેશ એ છે કે આમાંથી પ્રેરણા લઈ ગુજરાતીમાં સ્ત્રીઓની આત્મકથાઓ પ્રાપ્ત થાય અને તેઓ સમાજના મુખ્ય પ્રવાહમાં પોતાનો અમૂલ્ય ફાળો આપતી થાય.

ડૉ. હેતલ ગાંધી

# The Bhagavad Gita for the Present Generation 2

Gohil Hardeepsinh R

A petition filed by a prosecutor in the Siberian city of Tomsk (Russia) fomented tension between world's two of the most powerful nations. The petition argued that the Russian translation of "Bhagavad Gita As it is" Promotes "Social Discord" and hatred toward non-believers. The court found the argument flimsy and far from the reality and finally turned down the petition at the end of the year.

The incident makes one remember of the year 1835 when Thomas Babington Macaulay proclaimed his Minute on Education and self boastingly confessed his ignorance unknowingly as,

" I have no knowledge of either Sanskrit or Arabic but I have done what I could to form a correct estimate of their value..."

Whereas people who have endeavored to apprehend the message of Gita with their seer dedication find it as one of the quintessence of experience culled from the existence humanity as,

" Although the dialogue is rather short and does not exceed 700 verses, it is engaged with subject matters of the highest theological and philosophical order; afs such, it concerns everyone who faces human existence, namely each and every human being. "1

The Glaring message about the 'Yoga of dejection' is followed by the "Yoga of Analysis or discrimination. Lord Krishna bestows the yoga which enables us to calculate and discriminate the true *Tattvas* or entities. Sri Krishna tries to enthuse grief stricken Arjun by revealing the real entity of the soul, the duty of Kshatriya, the real purpose behind Knowing Vedas and quality of being equipoise as an awakened entity.

In the age where miscellaneous knowledge is available on people's finger tips through the mediums of internet and wify- highly- advanced handsets it becomes necessary to segregate authentic knowledge from abominable one. The second chapter of Bhagavad Gita illuminates the time immemorial to discriminates the erroneous knowledge from essential knowledge.

In the fist chapter Sri Krishna reveals the ultimate way to transcend the relationships between friends and foes. Sri Krishna suggests the unique association of truth for ultimate contentment of life. Whereas in the second chapter He reveals the importance of an action without any expectation on finding that Arjun has lost his composure due to miserly weakness, Sri Krishna asks him to desert such mourning. According to Him the wise does not lament for living or for the dead. He explains the eternity of an existence and reveals the imperishable quality of the soul which is unborn, eternal, ever existing unbreakable and primeval as,

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।२३।।

(The soul can never be cut to pieces by any weapon or burned by fire nor moistened by water, nor withered by the wind.)

Furthermore He compares body with apparel for the soul. If Arjun is lamenting for the death of the particular body of a particular person it is not befitting to the stature of the wise person like him. As we change our old clothes the soul changes this worldly body. He explains that who has taken birth the death is inevitable for him. Similarly, who dies get birth for sure. It constantly ravels form the manifest to non-manifest world. Therefore the grief for somebody's death is implausible

1, Theodor, Ithamar, Exploring the Bhagavad Gita: Philosophy structure and Meaning, Ashgate Publishing Group, Farham, Surrey, GBR, 7/2010.

for Arjun. And finally who is not moved by the ebbs and tides of emotions transcends the ocean of worldly desire, despairs and ultimately finds oneself liberated from all the bondages. Therefore no soul is going to be slain and nobody can slay it.

One the other hand, as being a *Kshatriya* [(*kast*=to hurt + *trayate*= to give protection) = One who gives protection from harm)] it is Arjun's duty to fight for religious principles. That is to protect humble and harmless people from the dangerous and harmful elements of the world. Therefore such opportunity, to fight for one's religion opens the doors of heaven for him. If his worldly body gets killed on the battlefield his soul will find a place in heaven and if he wins here he is going to rule his worldly kingdom. Therefore as being resolute minded person he should be determined to fight for the sake of righteousness. If he becomes desirous or bewildered his vision would be of many branched one and that would lead him to mentally muddled state. Such state has to be transcended by the real knowledge of the infinite entity. There are two ways to realize it. One through the proper study of Vedas and the other is through self-realization. It is Comparable to the well in comparison of the vast water reservoir. Though the well is small in size but it fulfills the entire essential requirement. Sometime it exceeds the qualities of ocean by quenching the thirst of humanity. Likewise the person who has realized his true self can perform even the exceptional acts. In the same way most learned would fail to realize the importance of such acts. The examples of Anna Hazare, Steve Jobs, Bill Gates and L. N. Mittal, validates it. These people could become what they are on the basis of very modest background whereas people with Oxbridge degrees fail to reach even half of their eminence.

One of the most important messages of the chapter as well as of the entire Bhagavad Gita is to perform one's duty equipoise. Sri Krishna prescribes Arjun that one has to perform one's duty without any expectation behind it. If one performs keeping the end of one's action in the mind he will not be able to perform or act with single-mindedness. This duality of focus leads the action to failure The 47$^{th}$ sloka of the chapter clarifies it as.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ ४७॥

(You have a right to perform your prescribe duty, but you are not entitled to the fruits of action. Never consider yourself the cause of the result of your activities, and never be attached to not doing your duty)[1]

On listening this Arjun out of his inquisitiveness asks about manifestations of a one whose consciousness has been merged with the ultimate entity. In response to that Sri Krishna first of all asks for control of one's senses. The reason is if the senses are wanton one cannot realize the benevolence of the almighty. Such is the reason that people in the contemporary metro life prefer to meditation while facing psychological disorder.

Following such path the person who has subjugated sensory pleasure the doors to divine would be automatically open for him. He would be purged from the good as well as bad elements of the world and ultimately learn the yoga which is the vital art behind all kinds of work. He would become self-satisfied, purified and self-sustained one. These are the qualities to get freedom from the worldly bondages. This freedom leads to incomparable blessedness. The Life of Mahatma Gandhi and Nelson Mandela are examples of such state of blessedness. For such enlightened people the worldly night is illuminating day.

Thus by exposing the real entity of the soul, the conscientious character of the *Kshatriya*, The necessity of knowing *Vedas* or performing ones duty Sri Krishna provides luminous discriminative yoga to Arjun and to the time immemorial. The rejection of the petition in Tomsk (Russia) once more proves it even after centuries .

1. A.C Bhaktivedanta Swami Prabhupada, *Bhagavad-Gita As It Is*, The Bhaktivedanta Book Trust, Mumbai, 1986.

## NASEOH Awards

નેશનલ સોસાયટી ફોર ઈકવલ ઓપોર્ચ્યુનિટી ફોર ધી હેન્ડિકેપ્ડ, ઈન્ડિયા, મુંબઈ દ્વારા બોર્ડ ઓફ મેનેજમેન્ટના



માનનીય સભ્યશ્રી ડૉ. શ્રદ્ધાબહેન રાયને તેમની અપંગ વ્યકિતઓના પુનઃવસન ક્ષેત્રમાં વિશિષ્ઠ સ્વૈચ્છિક સેવાઓને ધ્યાને લઈ વર્ષ 2011નો સ્વ. શ્રી બી. જે. મોદી ફાઉન્ડેશન એવોર્ડ તા. 09-12-2011ના રોજ મુંબઈ મુકામે એનાયત કરવામાં આવ્યો છે. આ બાબત યુનિવર્સિટી માટે ગૌરવપૂર્ણ ઘટનાને તા.24-01-2012ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટ બેઠક દરમ્યાન માનનીય સભ્યશ્રીનું શાલ તથા વિશ્વવિદ્યાલયના સંજ્ઞાચિન્હ સાથેના અંગવસ્ત્રમ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રપતિ ચંદ્રક

### યુનિવર્સિટીના સલાહકારશ્રી એલ. એન. નાયી, નિવૃત્ત જેલ સુપ્રિટેન્ડન્ટનુંરાષ્ટ્રપતિ ચંદ્રક દ્વારા સન્માન

વર્ષ ૨૦૦૬ માં રાજય સરકારશ્રીની સેવાઓમાંથી નિવૃત્ત થયેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયમાં સલાહકાર તરીકે જોડાયેલા શ્રી એલ. એન. નાયીને તાજેતરમાં" **Correctional Service Medal For meritorious Service "** એનાયત કરવામાં આવ્યો હતો.

સદર ચંદ્રક અલંકરણ સમારોહ તા. ૧૫–૦૨–૨૦૧૨ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલ. જેમાં શ્રી એલ. એન. નાયીને ગુજરાતના રાજયના મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે. શ્રી નાયીને તેમના જેલ સુપ્રિટેન્ડન્ટ તરીકેના કાર્યકાળ દરમ્યાન કરેલ સુધારાત્મક સેવાઓ અર્થે આ પુરસ્કાર એનાયત થયેલ છે.

આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય પરિવાર શ્રી એલ. એન. નાયીના સન્માનની ગૌરવની લાગણી અનુભવે છે.

## પરિસંવાદ/વકતવ્ય પ્રતિનિધિત્વ

(1) ભારતીય ભાષા સંસ્થાન, મૈસૂર તથા ગુજરાતી ભાષા સાહિત્ય વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સંયુકત ઉપક્રમે તા. 17-18 નવેમ્બર, 2011ના રોજ યોજાયેલ 'કોશવિદ્યાનાં નવા પરિણામો' એ વિષયના રાષ્ટ્રીય પરિસંવાદમાં ડૉ. બાબાસાહેબ



આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના પ્રા. ભરત ઠાકોર (આસી. પ્રોફેસર – ગુજરાતી) એ 'ગુજરાતી અને હિન્દી ભાષાના પ્રથમ માન્ય શબ્દકોશ' વિષય પર પોતાનું વકતવ્ય આપ્યું હતું.

**(2) Indian Association of Teachers of Library and Information Science (IATLIS) & Department of Library and Information Science,** Gujarat યુનિવર્સિટી અમદાવાદના સંયુકત ઉપક્રમે તા. 26 to 28 Nov. 2011 ના રોજ LIS Education Research and Training (LIERT) : Vision 2020 વિષય પર National Conference માં ડૉ. ગ્રંથપાલ ચેતના શાહ આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કામગીરી કરી સેમિનારમાં ભાગ લીધો હતો.

- ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ આયોજીત ૨૮ મો ગ્રંથાલય પરિસંવાદ- **2012** નવસારી મુકામે તા. 27 to 29 Nov. યોજાયેલ તેમાં ગ્રંથપાલ ચેતના શાહ ભાગ લઈ Changing role and needs of public Libraries in Gujarat After Vanche Gujarat Project; Present Position and remedies to meet Users Expectations" વિષય પર અભ્યાસલેખ રજુ કરેલ.

**(3)** ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય, અમદાવાદ તથા ભારતીય શિક્ષા મંડળ, ગુજરાત પ્રાંત અને **AIAER,** ગુજરાત ચેપ્ટર **(ERA)** ના સંયુકત ઉપક્રમે યોજાયેલ "પ્રબુદ્ધન" "International Conference on Elevating Learning" માં આ યુનિવર્સિટીના નીચે મુજબના વ્યાખ્યાતાશ્રી, અધિકારીશ્રીઓ એ ભાગ લઈ ડૉ. કુસુમ શર્મા અને ડૉ. હેતલ ગાંધીએ પેપર રજૂ કર્યું .

| | |
|---|---|
| 1. ડૉ. ધવલ પંડ્યા | 2 શ્રી ભાવિન ત્રિવેદી |
| 3. ડૉ. કુસુમ શર્મા | 4 ડૉ. ચેતના શાહ |
| 5. ડૉ. જયશ્રી ગુર્જર | 6. ડૉ. હેતલ પંડ્યા |
| 7. કુ. મીનાક્ષી ચૌહાણ | 8. ડૉ. મીના રાજપૂત |
| 9. શ્રી હરદિપસિંહ ગોહિલ | 10. શ્રી ભરત ઠાકોર |
| 11.શ્રી ઉમેદભાઈ ધાધલ | 12. ડૉ. હેતલ ગાંધી |
| 13.ડૉ. મૌનશ ઠાકર | 14. શ્રી માનસિંહ ચૌધરી |
| 15.શ્રી ભાવિન પરમાર | |

## યુનિવર્સિટી દ્વારા માન્યતા/મંજુરી આપવામાં આવેલ અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રો

| ક્રમ | સેન્ટર કોડ | સેન્ટર નામ | કોર્ષ |
|---|---|---|---|
| 1. | 0218 | સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, અમરેલી | M.A.,B.A.,B.COM.,CCC BAOU, CIC, CPCS, BPP |
| 2. | 0432 | સી.બી. પટેલ આર્ટ્સ કોલેજ, નડીયાદ | સ્નાતક, અનુસ્નાતક તથા CCC-BAOU,CIC,CCSE અભ્યાસક્રમો |
| 3. | 0909 | શીવશકિત યુવામંડળ ટ્રસ્ટ મુનલાઈટ કમ્પાઉન્ડ વાવડી, ગોધરા | BPP, CCC BAOU |
| 4. | 1024 | શ્રી નારાયણી કોલેજ ઓફ એજયુકેશન ફોર વુમેન, પારૂબા કોટેજ, માનસરોવર રોડ, પાલનપુર(બ.કાં.) | B.A.,B.COM.,CCC-BAOU (CTBA,DMCH,DVHW સિવાયના) તમામ સર્ટીફિકેટ કોર્ષ તથા ડિપ્લોમાં અભ્યાસક્રમો |
| 5. | 1332 | હરસિધ્ધ સાર્વજનિક ટ્રસ્ટ સચાલિત શ્રી યુગાચાર્ય સ્વામી પુણવાનંદજી કેળવણી ટ્રસ્ટ નવયુગ શિશુનિકેતન શાળા, કમાણા ચાર રસ્તા, વિસનગર | CCC-BAOU,BPP,CFN,CCAW |
| 6. | 1733 | એમ.એમ.ચૌધરી આર્ટ્સ કોલેજ, ને.હા.–૮, રાજેન્દ્રનગર ચોકડી વાયા રાયગઢ, રાજેન્દ્રનગર, તા.ભિલોડા, જિ.સાબરકાંઠા | MEG, MHD, MGT, B.A., DCH, CIC, CPCS, CTE, CCSE, તથા CCC-BAOU અભ્યાસક્રમો |
| 7. | 1819 | આઈ.ઈ.ટી. કોલેજ, (કમલા કોલેજ ઓફ એજયુકેશન) દીનબંધુ હોસ્પિટલ પાસે, ખોલવડ,તા.કામરેજ, જિ.સુરત | અનુસ્નાતક, સ્નાતક,(CTBA,CYS,CIN,DMCH,DVHW સિવાયના) તમામ સર્ટીફિકેટ કોર્ષ |
| 8. | 2411 | અહમદ વિકાસ મંડળ મફતબા જાફરીયા (નોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ) મુ.પો. સેદ્રાણા(સ્કવેર) તા.સિધ્ધપુર, જિ.પાટણ | સર્ટીફિકેટકોર્ષ તથા BPP, CMT, CTE, CCSE, B.A., B.COM., DFM, DACA, DAA |
| 9. | 0771502 | અક્ષર ટ્રસ્ટ ૧૧મો માળ, કીર્તિ ટાવર,કીર્તિ મંદિરની બાજુમાં,તિલક રોડ,વડોદરા | Sp. B.Ed. |

## યુનિવર્સિટી દ્વારા બંધ કરવામાં આવેલ અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રો

| ક્રમ | કેન્દ્રન. | નામ |
|---|---|---|
| 1. | 0105 | એસ. એમ. એન. કે. દલાલ કોલેજ ફોર એજયુકેશન ફોર વુમેન, અમદાવાદ |
| 2. | 0110 | વિકાસગૃહ, પાલડી, અમદાવાદ |
| 3. | 0112 | વિઝન એજયુકેશન ટ્રસ્ટ, નવરંગપુરા, અમદાવાદ |
| 4. | 0116 | એચ. બી. કાપડીયા ટ્રસ્ટ, રતનપોડ, અમદાવાદ |
| 5. | 0117 | ઈન્સ્ટીટયુટ ફોર, સોશિયલ એકસન એન્ડ રીસર્ચ, અમદાવાદ |
| 6. | 0118 | યોગસાધના આશ્રમ, એલિસબ્રીજ, અમદાવાદ |
| 7. | 0120 | પ્રકાશ કોલેજ ઓફ એજયુકેશન, ઘલતેજ, અમદાવાદ |
| 8. | 0123 | રૂરલ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટયુટ ઉમિયા કેમ્પસ, ગોતા, અમદાવાદ |
| 9. | 0124 | શ્રી લક્ષ્મીબેન એન્ડ શ્રી ચીમનલાલ મહેતા આર્ટસ કોલેજ, અમદાવાદ |
| 10. | 0125 | એસ. એલ. યુ. આર્ટસ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલેજ વુમેન, અમદાવાદ |
| 11. | 0126 | શ્રીમતી સદ્‌ગુણા સી. યુ. શાહ મહિલા આર્ટસ કોલેજ, લાલદરવાજા, અમદાવાદ |
| 12. | 0129 | આર. બી. સાગર કોલેજ ઓફ એજયુકેશન, પાલડી, અમદાવાદ |
| 13. | 0130 | શ્રી એમ. બી. પટેલ રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજય મહાવિદ્યાલય, એલીસબ્રિજ, અમદાવાદ |
| 14. | 0131 | ધ સીટી હાઈસ્કુલ, રાયપુર, અમદાવાદ |
| 15. | 0132 | એકેડેમિક સ્ટાફ કોલેજ, સમાજવિદ્યાભવન, નવરંગપુરા, અમદાવાદ |
| 16. | 0134 | સસ્કારધામ, સાણંદ, અમદાવાદ |
| 17. | 0135 | વિમુકિત વિશ્વવિદ્યાલય, સાબરમતી, અમદાવાદ |
| 18. | 0136 | ઓલ ઈન્ડિયા એકેડેમિક ઓફ ઓલ્ટરનેટીવ મેડીઝન, વેજલપુર, અમદાવાદ |
| 19. | 0137 | સ્ટર્લિંગ હોસ્પિટલ, મેમનગર, અમદાવાદ |
| 20. | 0139 | શ્રી યુ. એન. ભગત માધ્યમિક શાળા, પાલડી, અમદાવાદ |
| 21. | 0141 | ટેકવર્લ્ડ કોમ્પ્યુટર સેન્ટર, ઉસ્માનપુરા, અમદાવાદ |
| 22. | 0145 | સિધ્ધવિનાયક એજયુકેશન સોસાયટી, મણીનગર, અમદાવાદ |
| 23. | 0153 | ન્યુ ઉપાસના વિનય મંદિર, અમદાવાદ |
| 24. | 0155 | ધી ગર્લ્સ ઈન્સ્ટીટયુટ, ઉમરેઠ, જિ. આણંદ |
| 25. | 0157 | આર. એમ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવા વાડજ, અમદાવાદ |
| 26. | 0158 | શ્રી સરસ્વતી એજયુકેશન ટ્રસ્ટ, જનતાનગર, અમદાવાદ |
| 27. | 0159 | ઉપમન્યુ એજયુકેશન કોલેજ, સોલા, અમદાવાદ |
| 28. | 0161 | સાબરમતી હિન્દી હાઈસ્કુલ, સાબરમતી, અમદાવાદ |
| 29. | 0162 | કામેશ્વર એજયુકેશન કોલેજ, વેજલપુર, અમદાવાદ |
| 30. | 0165 | જયોતીસંઘ, શ્રીમતી એચ. એમ. ભવન, નવા વાડજ, અમદાવાદ |
| 31. | 0166 | શ્રી નરનારાયણ દેવ પી. ટી. સી. કોલેજ, વિરમગામ, અમદાવાદ |
| 32. | 0167 | શારદા શિશુ વિહાર હા.સ. સ્કુલ, વેજલપુર, અમદાવાદ |
| 33. | 0168 | ધી સાદીપની અધ્યાપન મદિર, (પી.ટી.સી. કોલેજ), ઘાટલોડીયા, અમદાવાદ |
| 34. | 0208 | આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધારી, જિ. અમરેલી |
| 35. | 0211 | શ્રી જે. વી. મોદી હાઈસ્કુલ, સાવરકુડલા, જિ. અમરેલી |
| 36. | 0213 | ચિરાગ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ધારી, જિ. અમરેલી |
| 37. | 0216 | ભારતીય શિક્ષણ સેવા મડળ, સાઠી, જિ. અમરેલી |
| 38. | 0304 | શ્રી સહયોગ સરસ્વતી વિદ્યામદિર, ગાંધીધામ, જિ. કચ્છ |
| 39. | 0306 | સી. એમ. ડી. સી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મું. નખત્રાણા, જિ. કચ્છ |
| 40. | 0307 | કચ્છ યુવક સંઘ (મુંબઈ) સચાલિત શ્રી બી. બી. એમ. ઉચ્ચતર મા. શાળા, માંડવી, જિ. કચ્છ |

| | | |
|---|---|---|
| 41. | 0404 | શ્રી આર. પી. આર્ટસ, શ્રી કે. બી. કોમર્સ , શ્રીમતી સી. સી. જે. સાયન્સ કોલેજ, ખંભાત, જિ. આણંદ |
| 42. | 0405 | શ્રી દેવજીભાઈ મૂળજીભાઈ પટેલ આર્ટસ એન્ડ શ્રી શનાભાઈ શકરભાઈ પટેલ કોમર્સ કોલેજ, ઓડ, જિ. આણદ |
| 43. | 0406 | કોલેજ ઓફ એજયુકેશન, પેટલાદ, જિ. આણંદ |
| 44. | 0408 | પરમગુરૂ પાઠશાળા, સારસા, જિ. આણદ |
| 45. | 0410 | રાષ્ટ્રભાષા હિન્દી હાઈસ્કુલ, ખોખરા, અમદાવાદ |
| 46. | 0413 | સરદાર પટેલ વિનય મંદિર, વાસદ, જિ. આણદ |
| 47. | 0417 | શ્રી જે. બી .મહેતા હાઈસ્કુલ એન્ડ ગં.સ્વ. ઝવરબેન ગીરધનભાઈ પટેલ ઉ. મા. શાળા, થવાદ, જિ. ખેડા |
| 48. | 0420 | શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, જિ. નડીયાદ |
| 49. | 0421 | શ્રી એમ. ડી. શાહ હાઈસ્કુલ, કપડવંજ, જિ. ખેડા |
| 50. | 0422 | આણંદ આર્ટસ કોલેજ, જિ. આણંદ |
| 51. | 0424 | શાહ કે. એસ. આર્ટસ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ, જિ. ખેડા |
| 52. | 0425 | ભારતીય વિનય મંદિર, ચકલાસી, જિ. ખેડા |
| 53. | 0427 | સોમનાથ કેળવણી મંડળ સંચાલિત જીવનવિકાસ એજયુકેશન એકેડેમી, જિ. નડીયાદ |
| 54. | 0428 | રાષ્ટ્રીય કેળવણી મંડળ, બોરસદ, જિ. આણદ |
| 55. | 0429 | શ્રી સરસ્વતી માધ્યમિક વિદ્યાલય, નડીયાદ, જિ. ખેડા |
| 56. | 0508 | ગ્રામ સેવા મંદિર, નારદીપુર, જિ. ગાંધીનગર |
| 57. | 0509 | કનોરિયા હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, ભાટ, જિ. ગાંધીનગર |
| 58. | 0511 | સ્વામીવિવેકાનંદ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સરગાસણ, જિ. ગાંધીનગર |
| 59. | 0512 | સસ્કાર મંગલ ચેરીટેબલ ફાઉન્ડેશન એસ. આર. ભટ્ટ પી. ટી. સી. કોલેજ, મુબારકપુરા, જિ. ગાંધીનગર |
| 60. | 0513 | જનશિક્ષણ સસ્થાન, કલોલ, જિ. ગાંધીનગર |
| 61. | 0514 | અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ, કડી કમ્પસ, જિ. ગાંધીનગર |
| 62. | 0519 | ડોટ ટેકનોલોજી, ગાંધીનગર |
| 63. | 0522 | શ્રીમતી સોવનબા સુરસિંહજી રાઠોડ વિદ્યાલય, મહુડી, જિ. ગાંધીનગર |
| 64. | 0523 | શ્રીમતી અ. સૌ. શા. રા. ભાવસાર હાઈસ્કુલ, દોલારાણા–વાસણા, જિ. ગાંધીનગર |
| 65. | 0524 | સરસ્વતી વિદ્યાલય, દહેગામ, જિ. ગાંધીનગર |
| 66. | 0525 | અશ્વમેધ અધ્યાપન મંદિર, મોટા ચિલોડા, જિ. ગાંધીનગર |
| 67. | 0526 | એમ. ડી. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, ઝુંડાલ, જિ. ગાંધીનગર |
| 68. | 0528 | ઓમ એજયુકેશન ટ્રસ્ટ, મોટા ચિલોડા, જિ. ગાંધીનગર |
| 69. | 0530 | પી. એન્ડ ટી. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, ભાડુ, જિ. મહેસાણા |
| 70. | 0602 | શ્રી ડી. જી. શિક્ષણ મહાવિદ્યાલય, અલીયાબાડા, જિ. જામનગર |
| 71. | 0604 | શ્રી શારદાપીઠ આર્ટસ, કોમર્સ એન્ડ શ્રી શારદાપીઠ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ઓફ એજયુકેશન, દ્વારકા, જિ. જામનગર |
| 72. | 0606 | શ્રી એમ. જે. ગોરિયા આર્ટસ, કોમર્સ, બી.બી.એ. એન્ડ હોમ સાયન્સ કોલેજ, જામખંભાળીયા, જિ. જામનગર |
| 73. | 0609 | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, નાઘેડી, જિ. જામનગર |
| 74. | 0610 | શ્રીમતી શારદાબેન આર. હેરમા બી.એડ. કોલેજ, સતાપર, જિ. જામનગર |
| 75. | 0611 | શ્રી સિદ્ધાર્થ દલીત ચેરીટેબલ ટ્રસ્ટ, જિ. જામનગર |

| | | |
|---|---|---|
| 76. | 0702 | એચ.એમ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઉના, જિ. જુનાગઢ |
| 77. | 0711 | શ્રીમાર સર્વોદય સોસા. સચાલિત શ્રી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સીમાર(કોડીવાવ), જિ. જુનાગઢ |
| 78. | 0712 | માતુશ્રી મોધીમા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મેંદરડા, જિ. જુનાગઢ |
| 79. | 0714 | શ્રી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગારડી, જિ. જુનાગઢ |
| 80. | 0717 | શ્રી સરદાર ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ, કેશોદ, જિ. જુનાગઢ |
| 81. | 0720 | યાદવ બી. એડ. કોલેજ, મંગલપુર, જિ. જુનાગઢ |
| 82. | 0723 | શ્રીમતી વી. બી. નાડોળા બી. એડ. કોલેજ, ભાચા, જિ. જુનાગઢ |
| 83. | 0726 | રૂપાયતન ગીરીતળેટી ભવનાથ, જિ. જુનાગઢ |
| 84. | 0728 | માતુશ્રી માનુબેન ભાણાભાઈ બારડ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સુત્રાપાડા, જિ. જુનાગઢ |
| 85. | 0730 | શ્રી વૃદા કેળવણી મંડળ, સુપાસી, જિ. જુનાગઢ |
| 86. | 1005 | ડી. ડી. ચોકસી કોલેજ ઓફ સેકન્ડરી એજયુકેશન, પાલનપુર, જિ. બનાસકાઠા |
| 87. | 1006 | શ્રી સર્વોદય આર્ટસ કોલેજ, ધાનેરા, જિ. બનાસકાઠા |
| 88. | 1009 | શ્રી વિવિધલક્ષી યુવા વિકાસ ટ્રસ્ટ સચાલિત ઉમિયા વિદ્યાવિહાર સંકુલ, ગણેશપુરા, જિ. બનાસકાઠા |
| 89. | 1018 | શ્રી વિદ્યાનિકેતન ઉચ્ચતર માધ્યમિક શાળા, ધાણધા, જિ. બનાસકાઠા |
| 90. | 1019 | સારસ્વત એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર, જિ. બનાસકાઠા |
| 91. | 1102 | શ્રી રગ નવ ચેતન મહિલા મહાવિદ્યાલય, વાલિયા, જિ. ભરૂચ |
| 92. | 1103 | શ્રી સરભાણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ, જિ. ભરૂચ |
| 93. | 1105 | નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર, જિ. ભરૂચ |
| 94. | 1109 | શ્રી સરસ્વતી કેળવણી મંડળ, જિ. ભરૂચ |
| 95. | 1202 | શ્રી ટી. કે. પારેખ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મહુવા, જિ. ભાવનગર |
| 96. | 1205 | શ્રી કૃષ્ણકુમારસિહજી અંધ ઉદ્યોગશાળા, જિ. ભાવનગર |
| 97. | 1207 | લોકવિદ્યાલય, વાળુકડ( વાયા સોનગઢ), જિ. ભાવનગર |
| 98. | 1208 | નીસગોપાચાર યોગમાનવ ઉદ્યાપન ચેરીટેબલ ટ્રસ્ટ, જિ. ભાવનગર |
| 99. | 1210 | મારૂતિ હેલ્થ એજયુકેશન એન્ડ ઈન્સ્ટિટયુટ ઓફ હેલ્થ એજયુકેશન એન્ડ રીસર્ચ, જિ. ભાવનગર |
| 100. | 1306 | મહિલા આર્ટસ કોલેજ, વિજાપુર, જિ. મહેસાણા |
| 101. | 1312 | જીવનભારતી વિદ્યાલય, મગરોડા, જિ. મહેસાણા |
| 102. | 1314 | શ્રી પચશીલ સચાલિત પંચશીલ બી.એફ. કોલેજ, વિસનગર, જિ. મહેસાણા |
| 103. | 1315 | શ્રી ટી. જી. બી. પટેલ ઉ. બુ. વિદ્યાલય, મોરવાડ, જિ. મહેસાણા |
| 104. | 1317 | ગીતા ટ્રસ્ટ, ત્રાસવાડ, જિ. મહેસાણા |
| 105. | 1318 | ધી યુનિયન હાઈસ્કુલ અને શ્રીમતી એમ. સી. એસ. પટેલ ઉચ્ચ માધ્યમિક શાળા, લાધણજ, જિ. મહેસાણા |
| 106. | 1323 | એલ. આર. પટેલ સેન્ટ્રલ ઈગ્લીશ સ્કુલ, ગાંભુ, જિ. મહેસાણા |
| 107. | 1324 | વિરતા કેળવણી મંડળ, વિરતા, જિ. મહેસાણા |
| 108. | 1326 | વૃદ બી. એડ. કોલેજ, ટીમ્બા, જિ. મહેસાણા |
| 109. | 1419 | સનરાઈઝ વિદ્યાસંકુલ, જિ. રાજકોટ |
| 110. | 1420 | સૌરાષ્ટ્ર શિક્ષણ સેવા ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી કોમ્પ્યુટર સેન્ટર, જિ. રાજકોટ |
| 111. | 1421 | શાતિનિકેતન "જ્ઞાનસૌરભ"એજયુકેશન ટ્રસ્ટ, જિ. રાજકોટ |
| 112. | 1422 | ટી. એન. રાવ. કોલેજ સવ્યસાચી એજયુકેશન બ્લાઈન્ડ કોમ્પ્યુટર સેન્ટર, જિ. રાજકોટ |

| | | |
|---|---|---|
| 113. | 1427 | શ્રી આર્ટસ કોલેજ દેરડી(કુ), દરેડી, જિ. રાજકોટ |
| 114. | 1429 | શ્રી બજરંગ વિદ્યામદિર, લક્ષ્મીવાડી, જિ. રાજકોટ |
| 115. | 1430 | ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ, વિછીયા, જિ. રાજકોટ |
| 116. | 1431 | શ્રીમતી રેવાબેન ઓ. પટેલ વિમેન્સ કોલેજ, મોરબી, જિ. રાજકોટ |
| 117. | 1432 | શ્રી ઘનશ્યામ પી. ટી. સી. કોલેજ, મવડી, જિ. રાજકોટ |
| 118. | 1435 | ઓમ. વી. વી. આઈ. એમ. કોલેજ, મોરબી, જિ. રાજકોટ |
| 119. | 1436 | વિવેકાનદ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ કોલેજમેન્ટ, જિ. રાજકોટ |
| 120. | 1437 | રચના ડેવલપમેન્ટ સેન્ટર, જિ. રાજકોટ |
| 121. | 1438 | કૃષ્ણ એજ્યુ. ટ્રસ્ટ, મોરબી, જિ. રાજકોટ |
| 122. | 1502 | શ્રી સી.એમ. પટેલ, ઈ.કે. આર્ટસ, ડી.એન. સાયન્સ કોલેજ, જિ. વડોદરા |
| 123. | 1504 | નાલદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, માજલપુર, જિ. વડોદરા |
| 124. | 1513 | પચતત્ત્વ યોગ અને નેચર કેર ટેમ્પલ, જિ. વડોદરા |
| 125. | 1519 | સ્ટર્લિંગ હોસ્પિટલ, જિ. વડોદરા |
| 126. | 1521 | વડોદરા મહાનગર પાલિકા નોકર મડળ, જિ. વડોદરા |
| 127. | 1706 | બી.ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા |
| 128. | 1717 | સમર્થ હાઈસ્કુલ, હિમતનગર, જિ. સાબરકાઠા |
| 129. | 1722 | કોલેજ ઓફ એજ્યુકેશન, દરામલી, જિ. સાબરકાઠા |
| 130. | 1725 | સરસ્વતી પી. ટી. સી. કોલેજ, ઘડી, જિ. સાબરકાઠા |
| 131. | 1727 | સજીવની લોકશાળા ટ્રસ્ટ, હિમતનગર, જિ. સાબરકાઠા |
| 132. | 1730 | શ્રી જે.એમ. તન્ના હાઈસ્કુલ, જિ. સાબરકાઠા |
| 133. | 1808 | અખડ આનદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જિ. સુરત |
| 134. | 1813 | શારદા વિદ્યામદિર, પાડેસરા, જિ. સુરત |
| 135. | 1815 | જન કલ્યાણ સસ્થાન, ખટોદરા, જિ. સુરત |
| 136. | 2002 | શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ એજ્યુકેશન કોલેજ ફોર વિમેન,<br>જિ. સુરેન્દ્રનગર |
| 137. | 2004 | ત્રિમૂર્તી એજ્યુકેશન ટ્રસ્ટ, વઢવાણ, જિ. સુરેન્દ્રનગર |
| 138. | 2005 | શ્રી ડી. વી. રાવલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હળવદ, જિ. સુરેન્દ્રનગર |
| 139. | 2008 | શ્રી સર્વમગલ ચેરીટેબલ ટ્રસ્ટ, ચરાડવા, જિ. સુરેન્દ્રનગર |
| 140. | 2011 | રાષ્ટ્રીય શિક્ષણ સેવા પ્રતિષ્ઠાન ગુરૂકુળ, હળવદ, જિ. સરેન્દ્રનગર |
| 141. | 2012 | રેઈનબો એકેડમી, વઢવાણ, જિ. સુરેન્દ્રનગર |
| 142. | 2016 | શ્રી સુરજમલજી હાઈસ્કુલ, પાટડી, જિ. સુરેન્દ્રનગર |
| 143. | 2203 | સરકારી વિનયન કોલેજ, વાસદા, જિ. નવસારી |
| 144. | 2404 | સિધ્ધિવિનાયક ટ્રસ્ટ સચાલિત જ્ઞાનમદિર ઉચ્ચમાધ્યમિક શાળા, જિ. પાટણ |
| 145. | 2406 | શ્રી એન. એચ. સાર્વજનિક વિદ્યામદિર અને શ્રી કે. એચ. ચૌધરી ઉચ્ચતર વિદ્યાલય,<br>ચાણસ્મા, જિ. પાટણ |
| 146. | 2409 | શ્રી બી. એચ. દવે અધ્યાપન મદિર, સમી, જિ. પાટણ |
| 147. | 2410 | શ્રી શકર કોલેજ ઓફ એજ્યુકેશન, મણુદ, જિ. પાટણ |

## Train the Trainer તાલીમ કાર્યક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય અને આઈ. સી. ટી. યુનિવર્સિટી, અમેરિકાના સંયુક્ત ઉપક્રમે તા. 08/02/2012 થી 12/02/2012 દરમ્યાન એનવાયરમેન્ટલ સેનીટેશન ઇન્સ્ટીટ્યુટ, સુઘડ ખાતે પાંચ દિવસીય તાલીમ યોજાઈ. 'ટ્રેઈન ધ ટ્રેઈનર' તરીકે જાણીતી આ તાલીમ ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના CCC-BAOU કાર્યક્રમના ઉપલક્ષમા યોજાઈ. જેમાં વિવિધ અભ્યાસ કેન્દ્રોમાંથી કુલ 28




કાઉન્સેલરોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

આ તાલીમમાં આઈ. ટી. સી. યુનિવર્સિટી તરફથી ડૉ. અબીન્વી ચીસે (Dr. ABINWI NCHISE) અને ડૉ. જેન બ્રોઝાર્ડ (DR. JAN BRAOSARD) દ્વારા 'ડિજીટલ લિટ્રસી' અંગેની તાલીમ પ્રાપ્ત થઈ. તાલીમના ઉદઘાટનમાં યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી ડૉ. મનોજ સોનીએ સૌ તાલીમાર્થીઓનું અભિવાદન કર્યું હતું, જેમાં તેમની સાથે યુનિવર્સિટીના કુલસચિવશ્રી પીયૂષભાઈ શાહ, ડૉ. અબીન્વી ચીસે, શ્રી પંકજ ફડનીસ(અભિનવ નોલેજ સર્વિસીસ), ડૉ. ધવલ પંડયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ તાલીમનાં વિશેષ




લાભરૂપે સૌ પ્રતિભાગીઓ આઈ. સી. ટી. યુનિવર્સિટીના નિષ્ણાતોના તથા એકબીજાના સતત સંપર્કમાં રહી શકશે તથા પોતાના પ્રશ્નોનું નિરાકરણ ઈ-મેઈલના માધ્યમથી મેળવી શકશે. તાલીમાર્થીઓના પ્રેઝન્ટેશન્સ જોઈ આઈ. ટી. સી.યુનિવર્સિટીનાં ડૉ. જેન અને અબીન્વીએ તાલીમાર્થીઓની ભારોભાર પ્રશંસા કરી હતી અને ભારતીયોના કમ્પ્યુટર જ્ઞાનને બીરદાવ્યું હતું.

તાલીમના અંતિમ દિને તમામ તાલીમાર્થીઓએ પોતાનાં પ્રતિભાવમાં યુનિવર્સિટીના આ આયોજનને આવકાર્યું હતું. વિશેષમાં સૌ તાલીમાર્થીઓ એન્વાયરમેન્ટ સેનીટેશન ઇન્સ્ટિટ્યુટના સુંદર વાતાવરણ તથા પ્રશંસનીય કામગીરીથી વિદિત થયાં હતાં.

ડૉ. ધવલ પંડયા તથા ડૉ. મૌનસ ઠાકરે તાલીમ દરમ્યાન સંકલનનું કાર્ય કર્યું હતું તથા અભિષેક પંડયા, જીતેન્દ્ર ચૌહાણ, સાવન પટેલ, નાગરાજ ગોહેલ તથા વર્ષા પરમારે સંબંધિત કાર્યભાર સંભાળ્યો હતો.

## પી.એચડી થયા



ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય, અમદાવાદના શિક્ષણશાસ્ત્ર વિભાગમાં આસી. પ્રોફેસર તરીકે કાર્યરત જયશ્રી નારણભાઈ ગુર્જર "ગુજરાતના પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓ માટે હિન્દી ભાષા સામર્થ્ય કસોટીની રચના અને પ્રમાણીકરણ" એ વિષય પર ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદે પી.એચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમને ડૉ. કોકિલાબહેન પારેખ, એસોસિયેટ પ્રોફેસર ગુજરાત વિદ્યાપીઠનું માર્ગદર્શન મળ્યું હતું.

## કેન્દ્ર વિષયક :

### નિ:શૂલ્ક નેચરોપેથી કેમ્પ:

શિવાશ્રમ કુદરતી સ્વાસ્થ્ય મંદિર દંતાલી, કેન્દ્ર-505 ઉપર તા. 25/12/2011 ને રવિવારના રોજ નેચરોપેથીનો નિ:શૂલ્ક કેમ્પ યોજાયેલ જેમાં નેચરોપેથીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કેમ્પને સફળ બનાવવામાં યોગદાન આપેલ. આ કેમ્પમાં 82(બ્યાસી) દર્દીઓને નેચરોપથી સારવાર જેવી કે એનીમા, મસાજ, મડ થેરાપી, વરાળસ્નાન વગેરે સારવાર નિ:શૂલ્ક આપવામાં આવેલ અને અનેક દર્દીઓએ તેનો લાભ લીધો હતો.

## पुस्तक संक्षिप्त समीक्षा

डॉ. कुसुम शर्मा

**पुस्तक : 'मेरी प्रिय कहानियाँ' लेखक : सूर्यदीन यादव; प्रकाशन वर्ष : २०१०;**

'मेरी प्रिय कहानियाँ' यह कृति भावो के कुशल चितेरे कथाकार डो. सूर्यदीन यादवजी द्वारा हाल ही में प्रकाशित तीसरा कहानी संकलन है । इस संकलन में लेखक ने अपनी बहुत ही लोकप्रिय चुनंदा सोलह कहानियाँ को संकलित किया है । यादवजी जमीन से उपजे माटी से सने ग्रामीण परिवेश को हूबहू जीवन्त करने वाले जमीनी लेखक माने जाते हैं । ये कहानियाँ इसका स्वत:प्रमाण हैं । इन कहानियों में निज जीवन परिवेश से जुड़े मुँह बोले पात्र अपनी बोली-भाषा में ग्रामीण जीवन शैली की पारदर्शक तस्वीर प्रस्तुत करते हैं । कहानीकार का पूरा का पूरा बाल जीवन संस्मरणात्मक रुप में इन कहानियों में बोलता है कहानी में घटना स्कूल या पढाई की हो, या गाँव की, हर जगह किसी न किसी रुप में रचनाकार उपस्थित रहता हैं अपने गँवई परिवेश के खट्टे मीठे अनुभवों की झाँकी बिना किसी लाग लपेट के साथ सीधी गँवई भाषा में प्रस्तुत हैं ।

इस संकलन की पहली कहानी 'दोस्ती' है । जिसकी कथावस्तु एक बिल्ली की जान बचाने की घटना प्रकिया को लेकर सृजित हुई है जो मानवीय संवेदना से सर्वत्र जुड़ी हुई है । 'लेरुवा' कहानी गाँव परिवेश से उद्‌भावित, बालसुलभ संवेदनाओं की सरलता, सहजता, एवं जीवन में पशुओं में एवं पशुओं के साथ स्नेहसिक्तता कितनी होती है — उसे यह कहानी कहती है । यहाँ बछड़ा बच्चा बन जाता है और बच्चा बछड़ा । यह है ग्रामीण जीवन की मानवी संवेदनशीलता !

'अपने आदमी' और 'बिना बाप का बच्चा' कहानियाँ भी ग्रामीण अंचल में अभावों में पले-बड़े, भोले इन्सान के अधिकार को चित्रित करती हैं । और यह बताती है, कि शहरी बदलाव की यह हवा, जागृति की नई रोशनी गाँवो में भी चकाचौंधफैला रही है । शोषण के खिलाफ आवाज उठानें वाले जग्गू एवं लम्मरदारों के अत्याचारों से त्रस्त लोगों की आवाज से जमींदार थर्रा उठते हैं। 'बिन बाप का बच्चा' कहानी भी गाँव में फैली नई चेतना की चिनगारी की कहानी है नई चेतना समाज को जो चेतना देती है, शायद वह नारी की उभरती चेतना का शिखर है । वह जिस तरह अँधेरे में डूबे समाज की धज्जियाँ उड़ाती है, उससे गाँव के चौधरी एवं पंचो की भी सोच में परिवर्तन आने लगता है ।

'जमीन शिकार हुई' कहानी गाँव में कैसे अफवाहें जोर शोर पकड़ती रहती हैं । अफवाहें बे बुनियाद होती है, फिर भी अनपढ़ माता-पिता सुनी-सुनाई बातों की जाँच करने की अपेक्षा अपनी लड़की को ही दण्ड देते हैं और अफवाहों के परिणाम स्वरुप एक निर्दोष बालिका अपने मा-बाप के हाथों अपनी जान खो बैठती है जिसका जिम्मेदार कहानी समाज, माता-पिता अध्यापक और लड़कियों की शर्मीली प्रकृति को ठहराती हैं ।

'दहशत का हथौडा' कहानी भी यही सबकुछ कहती है । मित्रभाव से रहने वाले शिवचरण और तहमत की दोस्ती भी वयमनस्य और कानाफूसी के कारण टूटती है । इधर हिन्दुओं ने शिवचरण को भरमाया, उधर तहमत को भनक लग गई लेकिन जब दोनों के बैल आमने-सामने आये तो हल जुआठ लिए ही एक दूसरे की और खरभर खरभर भागते हैं । यहाँ द्रष्टव्य है कि, पशुओं में सरलता, सहजता आज भी विद्यमान है । पुराने मित्र चाहकर भी एक नहीं हो पाते किन्तु पशुओं ने अपना मेल-मिलाप सिद्ध कर दिया । यही मेल-मिलाप काश इन्सानों में होता ?

इस तरह इस संकलन की कहानियों में ग्रामीण अंचल से जुड़े खेत, खलियान, पशु-पक्षी, तीज-त्योहार, उत्सव आदि का मार्मिक और ताजगी से भरा प्राकृतिक एवं सांस्कृतिक समूचा यर्थाथ अभिव्यक्त हुआ हैं । इस संकलन की कहानियाँ कहानी कैशल या कहानी तत्वों की मोहताज न रहकर अपने बचपन के जीवन के संस्मरणो, तनावो, बनते-बिगड़ते रिश्तो, अपने आत्मीय जनों के बीच उपस्थित रहकर सच को उजागर करती हैं । कहानीकार के ये शब्द "गाँव के अनपढ पात्र मानक भाषा क्या जानें ? वे तो बस सच उगल देते हैं ।" उनकी यही विशेषता कहानियों को उर्जा देती है और पाठक के अंर्तमन को छूती है । इतना ही नहीं ये अंचल की सुंदर प्रस्तुति गाँवों की संस्कृति में बड़ी तेजी से आ रहे बदलाव को भी रेखांकित करती है ।

ग्रामीण अंचल की बड़ी निष्ठा से शानदार प्रस्तुति आज के अपसांस्कृतिक समय में शुभ एवं स्वागत योग्य है । सर्जनात्मक सिद्धि के हेतु कहानीकार ने पाठक को ग्रामीण वस्तुस्थिति से अवगत कराकर सत्य, शिव, सुंदर का औचित्य पाठक स्वयं करे, यही इस सर्जनात्मकता की, लेखन शैली की विशिष्टता है, स्वयं की पहचान है ।

## નિશાળ બની વિશાળ : સ્વાગત મુકત શાળાનું

મહેન્દ્રભાઈ ચોટલિયા

દાંડી પીટીને જાહેરાત કરી શકાય તેવો આનંદ-અવસર ગુજરાતનાં બાળકોને પ્રાપ્ત થયો છે. નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી-ની વધાઈ ખાવાનો આ પ્રસંગ છે. શિક્ષણ અધિકાર અધિનિયમ (Right to Education-2009) અને ગુજરાત રાજ્ય મુકત શાળા (Gujarat State open School)નો પ્રવેશોત્સવ ઉજવવાની આ ઘડી છે. ગુજરાતના બાળ કનૈયાઓ તેમજ કન્યાઓ હવે શાળામાં જઈને જ શીખવાની અવિકૃત ફરજમાંથી મુકત થાય છે. જો ભણવું હોય તો શાળામાં જવું જ પડે તેવું તેવું ફરજિયાતપણું હવે ખતમ થયું છે. સરકાર-માન્ય શાળામાં નામ નોંધણી કરાવી હોય તો જ ધોરણ-7, એસ.એસ.સી. કે 12મું પાસનું સર્ટિફિકેટ મળે તે નિયમ બાતલ થાય છે. પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં 'હાજરી આપવી' હવે ફરજિયાત નથી; વિદ્યાર્થી ગમે ત્યાં(ઘર, શાળા, કોચિંગ કલાસ કે સ્ટડી સેન્ટર)માં શીખી શકે, પછી ઓન-લાઈન કે નિશ્ચિત કરેલી અમુક શાળામાંથી ફોર્મ ભરી સીધા ધોરણ 8, 10 કે 12ની પરીક્ષામાં બેસીને ગુજરાત રાજ્ય મુકત શાળા કે રાષ્ટ્રીય મુકત વિદ્યાલયમાંથી પાસિંગ સર્ટિફિકેટ મેળવી શકાય ને પછી ઉચ્ચ શિક્ષણમાં દાખલ થઈ શકાય. ધોરણ 8 સુધી તો વર્ષ દરમિયાન ગમે ત્યારે બાળકની ઉંમર અનુરૂપ ધોરણની પરીક્ષા આપીને શાળામાં દાખલ થઈ શકાશે. શીખવાના ખજાનાનો દરવાજો સીમ. સીમ. ખુલી ગયો છે.

માનવજાત આદિકાળથી 'પ્રયત્ન અને ભૂલ' દ્વારા શીખતી રહી છે. હવે એને ખબર પડી ગઈ છે કે સ્વતંત્રતા, મુકિત, ખુલ્લાપણું, રાજકીય- સામાજિક- સંસ્થાકીય દરમિયાનગીરીમાંથી આઝાદી-આ બધા માનવમાત્રના સહજ(જન્મની સાથે મળતા) કુદરતી અધિકારો છે. સરકાર અને કાયદા સ્થાપિત સંગઠનોની રચના તો આ અધિકારોનું મહત્તમ જતન કરવા માટેની સુવિધા પૂરી પાડવા માટે કરવામાં આવે છે. સંસ્થાઓ જ્યારે સરકારના પીઠબળ થકી સ્થાપિત હિતો બની જાય અને પછી તેના સત્તાચક્રોમાં આમઆદમી પીસાવા માંડે ત્યારે સમાજમાં સંસ્થા-મુકિતની ચળવળો વેગ પકડે છે. આ રીત સત્તાની અનેક દિવાલો ધ્વસ્ત થતી રહી છે. હવે પવિત્ર અને સેવાભાવી ગણાતી શિક્ષણ સંસ્થાનો વારો આવ્યો છે.

સરકાર માન્ય શાળાઓ જ આજ લગી 'શીખવા'ની માનવસહજ જરૂરિયાતને નિયંત્રિત, માર્ગદર્શિત ને તરેહબદ્ધ કરતી આવી છે. 19મી સદીથી મૂળ નાખી ગયેલી ઉદ્યોગીકરણ આધારિત સમાજ/વ્યવસ્થાને મજબૂત બનાવવનો ઠેકો વિશ્વની બધી સરકારોએ વણપૂછ્યે અંકે કરી લીધેલો. સત્તાની મંજૂરી મળી હોય તેવી શાળા-કોલેજો (ભલે ગમે તેટલી ક્રૂર, અવિચારી કે મતાંધ હોય તો પણ)માં જ જન્મધારી બાળકને પોતાના જીવનમાં સૌથી ઉત્તમ 20 વર્ષો પસાર કરવાં પડે; ને ત્યાં સુધીમાંતો તંત્ર અનન્ય જીવને 'મનફાવે' તે રીતે યોજનાબદ્ધ ઘડી નાખે. આવી સંસ્થાઓ બાળકમાં અમુક જાતની સ્પર્ધા, જીવનશૈલી, મૂલ્યતરેહ ને માન્યતાઓની પાક્કી ડિઝાઈન રોપી દે. કાળાંતરે આવાં છાપખાનાં પવિત્ર અને અનિવાર્ય (Sacrosanct) 'સેવા'નું માયાવી રૂપ લેવા માંડયાં. No knowledge without college જેવાં સ્લોગન ધાણીફૂટ ફેલાવાં લાગ્યાં. નિશાળ કે કોલેજ માંગયા વગર જાતે કે અનૌપચારિક રીતે શીખેલી, વિકસાવેલી આવડતોને 'રાજમહોર' ન મળે. પરિણામે આવી વ્યકિતને અભણ કે નિરક્ષરનું બિરૂદ આપીને નોકરી-વ્યવસાયમાં પ્રવેશવા જ ન દેવામાં આવે. આવી યાતનામય પરિસ્થિતિમાં પાંચ-સાત પેઢી ખપી ગઈ. પણ બુદ્ધિશાળી માનવી હંમેશા પોતાની ભૂલોમાંથી શીખતા રહ્યો છે. અંતે તેને ખબર પડી કે આપણાં સંતાનોને અમુક ચોક્કસ રીતે, અમુક ચોક્કસ સંસ્થાઓમાં, અમુક ચોક્કસ અભ્યાસક્રમો શીખવાની ફરજ પાડી શકાય નહીં. સરકારને સત્તાનું કામ શીખવાની પ્રક્રિયા સીમિત કરવાનું નહીં પણ વ્યાપક અને મનપસંદ બનાવવાનું છે, તેમાં સહકાર આપવાનું છે. ઉદ્યોગ-ઉત્પાદનના બજારને ટકાવવા-ફેલાવવા માટે 'માનવ સંસાધન વિકાસ' જેવા રૂપકડા નામ હેઠળ શિક્ષણની જાળ બિછાવવાનું શિકારી-કર્મ લાંબુંચાલવા દેવાય નહીં. સમાજની આવી સ્વસ્થ, પ્રગતિક સમાજના પરિપાક રૂપે શાળાને જાકારો આપવાની શરૂઆત આ ઓપન સ્કૂલ કે મુકત શાળાની સ્થાપનાથી થઈ છે. આપણી વર્તમાન અને ભાવી પેઢીએ આ અવસરને ધામધૂમથી વધાવવા જેવો છે; ને પછી આ આંદોલનને ઓર વેગવાન અને વ્યાપક બનાવવાનું છે. માનવ-મુકિતની જાગતિક ચળવળનુંઆ ક્રાંતિપર્વ છે.

મૂળે તો પોતાનાં સંતાનોને કેળવવાના કામને માતા–પિતા પહોંચી ન વળ્યા એટલે એમણે 'શાળા' નામનો નુસખો શોધી કાઢ્યો. એ હતી તો સહાયકારી યોજના પણ થોડા વખતમાં જ રાજકર્તાઓએ આ વ્યવસ્થા/જગ્યાની છૂપી શકિતઓ ઓળખી પાડી. એમણે શાળાને પહેલાં પોતાની પાંખમાં લીધી ને પછી બાનમાં લીધી. શાસકોએ શાળાનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો. શાળાની દેખીતી વિશ્વનિયતા શંકાના દાયરામાં પહોંચી ગઈ. એને 'તીર્થસ્થાન' જેવું શ્રદ્ધેય સ્થાન સમાજે આપ્યું. પરંતુ છેલ્લા થોડાં વર્ષોમાં કેટલાક વિચારકો(ઈવાન ઈલિચ–શાળામુકત સમાજ; અને એવરન્ટ રેમર–શાળાનું મૃત્યુ) સંપન્ન વાલીઓ અને સમર્થ લોકશિક્ષકોએ શાળાના મુખમાં રામ અને બગલમાં છરી હોવાનું પકડી પાડયું. સામાજિક રાજકીય યથાર્થ (reality) બની ગયેલી શાળા–વ્યવસ્થામાં ગાબડાં પાડવાનું કામ શાણા વાલીઓના તીણા પ્રશ્નોથી શરૂ થયું. તેમણે પૂછયું 'શીખવા માટે તે વળી પરવાનેદાર શિક્ષકો–સંચાલકોને વશ થવાનું? ...... અમને ખબર નથી પડતી કે અમારા સંતાનોને શું જોઈએ ? ને તે કેવી રીતે પૂરું પાડવું? લો, હવે અમને છૂટ આપો કે અમારાં સંતાનો ગમે ત્યાં, ગમે તે રીતે શીખી શકે ને એમને આવડતો વિકસાવી શકે. જે લોકોને એમનામાં ગુણવત્તા, આવડત, શીખવાની ક્ષમતા ને વલણો મૂલ્યવાન લાગે તે લોકો અમારાં સંતાનોને નોકરી–ધંધો–કામ આપશે. આમાં સરકારી મહોરદાર પ્રમાણપત્રનીય કયાં જરૂર છે ?' વળી પોતાનાં સંતાનોનું 'શાળાજીવન' જોઈ–અનુભવીને કમકમી ઊઠેલા અન્ય માતા–પિતા એ વાત આગળ ચલાવી. 'અમને છૂટ આપો, જુઓ અમે અમારાં સંતાનો માટે શીખવાની કેવી સરસ સુવિધાઓ શોધી કાઢીએ છીએ કે ઊભી કરીએ છીએ. અમે ઘરે ભણાવશું, ટયૂશન રાખીશું, કમ્પ્યુટર–ઈન્ટરનેટ–ડીવીડીનો ઉપયોગ કરીશું. અરે, અમે ખુદ ભણાવવાની તાલીમ લેવા જઈશું. નિષ્ણાંતોની સહાય–માર્ગદર્શન લઈશું, સ્ટડી સેન્ટરમાં મોકલીશું. પણ અમારાં બાળકો અમારી જોડે રહેશે ને ખુશી ખુશીથી શીખશે. સતત પરીક્ષાઓ, સ્પર્ધા અને શાળાના નિયમોની જો હુકમીથી અમારાં બાળકોના વિદ્યાર્થી–અવતારને દૂષિત થવા નહીં દઈએ. 'બાળકોના કાને આ વાત પડે તો તેઓના ચહેરા દિવ્યસ્મિતથી ઝળહળી ઊઠે !

બધું સમૂંસુતરુ ચાલ્યું. સરકારે રાજીપો દેખાડયો શાળાએ જવાની તકથી વંચિત બાળકો અને શાળાએ જવાથી વ્યથિત બાળકો માટે મુકત–શાળાની વ્યવસ્થા શરૂ કરી. સરકારે જાહેર કર્યું કે 'જે બાળકો માટે શીખવા ઈચ્છે છે તેણે માન્ય શાળામાં જવાનું ફરજિયાત નહીં, ઘેર બેઠાં, કોચિંગ કલાસથી, ખાનગી ટયૂશનથી કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી નાની–મોટી શાળાઓમાં જઈને ભણી લેવાનું. ને જયારે ધો. 10 કે 12નું પ્રમાણપત્ર જોઈતું હોયને આગળ ભણવું હોય તો અમે માન્ય કરેલો ધો. 10 કે 12 નો અભ્યાસક્રમ શીખી લેવો ને જે પરીક્ષા લઈએ તેમાં પાસ થવાનું બાકી તમે છુટ્ટા. આ થઈ ઓપન સ્કૂલની ઘોષણા.

ઓપન સ્કૂલ જ ઉત્તમ અને ચાલુ સ્કૂલો તદ્દન નક્કામી–એવું કહેવાનો કે સાબિત કરવાનો ઉદ્દેશ અહીં નથી. એવું કરી શકાય તે પણ નથી. આપણી હાલની ઔપચારિક શાળા–પ્રથામાં કમસે કમ આટલા ફાયદા તો થાય જ છે :

1. બાળકનું સામાજીકરણ : અનેક સ્તર અને ઘરોમાંથી આવતાં બાળકોને સાથે બેસવા, બોલવા, રમવા, ઝઘડો કરવા જેવા અનેક અનુભવો મળે છે. તેમાંથી સામાજિક કૌશલ્યો, અનુકૂલન અને સામાજિક લાગણીનું શિક્ષણ થાય છે.
2. સહકારી અધ્યયન : સહાભ્યાસ પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવાસ–પિકનિક, વિજ્ઞાનમેળા, પ્રોજેકટ જેવી પ્રવૃત્તિઓમાં સહભાગી થવાથી એકબીજાની આવડત અને વ્યકિતત્ત્વમાંથી શીખવાનો મોકો મળે છે.
3. ભાષાનો વિકાસ : અનેક પરિસ્થિતિઓમાં અનેક પ્રકારના બાળકો સાથે વાણી વ્યવહાર કરવાને કારણે વાસ્તવિક ભાષાનો પરિચય અને પ્રયોગ થાય છે.
4. તણાવમુકિત : પોતાના જેવી સમસ્યાઓ અને મર્યાદાઓ બીજાનામાં પણ છે તેની જાણ થાય છે– સધિયારો મળે છે.
5. અભ્યાસ પ્રક્રિયાનો અનુભવ : આ એક

મહત્ત્વનો અને તાત્ત્વિક ફાયદો છે. ઓપન સ્કૂલની પરીક્ષા પાસ કરી લેવી તે પ્રોડક્ટ છે. ગુણ મેળવવાની યુક્તિઓ દ્વારા પરીક્ષા પાસ કરી શકાય. પરંતુ શિક્ષણ પ્રાપ્તિ માટેની પ્રક્રિયા મહત્ત્વની છે, શીખવાની ગુણવત્તાનો આધાર પ્રક્રિયા પર છે, પરિણામ પર નહીં. ચાલુ શાળામાં આવી પ્રક્રિયામાંથી પસાર થવાની તક મળે છે. (જો કે ઓપન સ્કૂલની પરીક્ષા જુદી લેવાય ને એમાં પ્રશ્નોની ઢબ એવી હોય કે જેનાથી અધ્યયન-પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય તો આ ફાયદો ઓપન સ્કૂલમાં પણ મળી શકે)

આજની ચીલાચાલુ શાળામાં ભણવાના ગેરફાયદા પણ ઘણા છે:

1. સમયપત્રક, શાળા-કેલેન્ડર અને નિયમોના બંધનનો ત્રાસ.
2. શિસ્તના બિનજરૂરી આગ્રહના કારણે બાળકમાં બળવાખોરી અને ભણવા પ્રત્યે અણગમાનો ઉદ્દભવ.
3. સ્પર્ધાત્મક વાતાવરણ અને સરખામણીના અતિરેકથી આત્યંતિક તણાવ જન્મે છે. બાળકો હરિફાઈને જ જીવનનું મુખ્ય મૂલ્ય માની લે છે. આમાંથી જ ભય અને સામાજિક વૈમનસ્ય, અશાંતિનો ઉદ્દભવ થાય છે.
4. કસોટીઓ તથા પરીક્ષાઓ દ્વારા હીનતા-ગુરુતાનો ભાવ; 'માર્કસ' મેળવવા એ જ શીખવાના ધ્યેય તરીકે સ્થાપિત થાય છે.
5. શિક્ષકો-સંચાલકો દ્વારા પોષાતી ગેરરીતિઓ-પરીક્ષામાં કોપી કરવા દેવી, માર્કસ વધારવા લાગવગ-પૈસાનો ઉપયોગ, આ બધું બાળકો જોતાં-સમજતાં રહે ને તેમાંથી 'જીવનમાં સફળ થવા માટે ખોટું કરવું જ પડે'-જેવો ઘાતક પાઠ બાળકો શીખી જાય છે. "બધે આવું જ ચાલે છે-આપણે પણ કરીએ"-જેવો નિયમ બાળકો બનાવી લે છે.
6. માત્ર શૈક્ષણિક વિષયોના આધારે જ બાળકનું મૂલ્યાંકન થાય છે. બીજી આવડતો, મૌલિકતા, સર્જનશીલતા, વ્યવહારુ કૌશલ્યો ધીમે ધીમે ઘસાઈ જાય છે. આમ શાળા બધાને સરેરાશ (mediocre) બનાવી દે છે.
7. 'જાતે શીખી શકાય' એવા મહત્ત્વના વલણનો હ્રાસ ને નાશ. જો કોઈ શીખવે તો જ આવડે-જેવી પરતંત્રતા ઊભી થાય છે.
8. જો શાળા કોઈ વિચારધારા-માનવતાને અધીન રહીને ચાલતી હોય તો એ ધાર્મિક-સાંપ્રદાયિક (સ્વામિનારાયણ, સાંઈબાબા, ખ્રિસ્તી મિશનરી, મદરેસા, આર્ય સમાજ, પ્રજાપિતા બ્રહ્માકુમારી, ગાંધીજી, શ્રી અરવિંદ, શ્રી શ્રી રવિશંકર કે કૃષ્ણમૂર્તિ જેવી માન્યતાઓનો પ્રભાવ હોય) ઝુકાવના કારણે બાળકોના મનમાં 'સત્ય' વિશેની ચોક્કસ પ્રકારની માન્યતાઓ-મૂલ્યો દૃઢ થઈ જાય.

આની સામે મુક્ત શાળાના કારણે થનારા સંભવિત લાભ આ પ્રમાણે છે:

1. શાળાના ફરજિયાતપણામાંથી મુક્તિ. જડ શિસ્ત અને ટીકા-ઉપદેશોમાંથી મુક્તિ.
2. અઠવાડિક, માસિક, સત્રાંત, વાર્ષિક, પરીક્ષામાંથી પરમ મુક્તિ. માર્ક મેળવવાની ઉંદર-દોડ અને તેમાંથી ઊભી થતી સ્પર્ધા તથા ભયમાંથી છૂટકારો. પરીક્ષા વગર પણ ભણવાનું કેટલું મજેદાર હોય તેનો અનુભવ. શુદ્ધ અધ્યયનનો પ્રારંભ. બાળકની મૌલિકતા, સર્જનશીલતા અને આંતરિક શક્તિઓના વિકાસની ભરપૂર તક મળશે. બાળકની અનન્યતાનું પ્રગટીકરણ થવાથી સમાજના-જગતના વિકાસમાં ગુણાત્મક વૃદ્ધિ થશે. સાચુંકલા (genuine) મનુષ્યનો જન્મ થશે.
3. અણગમતાં વિષયો, બિનજરૂરી માહિતી, કંટાળાજનક પુનરાવર્તનો, અમાનવીય હોમવર્કમાંથી મુક્તિ.
4. ઘરમાં કુટુંબ સાથે રહી, ઘરકામ કે વ્યવસાયમાં મદદ કરતાં, સામાજિક સંબંધો વિસ્તારીને તેમજ શોખની પ્રવૃત્તિઓ સાથે શીખવાની સ્વતંત્રતા.
5. જે વિદ્યાર્થીઓ આર્થિક, સામાજિક, ભૌગોલિક કારણોસર શાળામાં જઈ શકતાં નથી અથવા શારીરિક-માનસિક ક્ષતિ ધરાવે છે, તેવા તકવંચિત બાળકો સ્વૈચ્છિક સંસ્થાઓ કે સામાજિક સહયોગથી અભ્યાસ કરીને આગળ વધી શકે.

6. જવાબદાર વાલીપણું: responsible parenting ની શરૂઆત થશે. બાળકોના અભ્યાસમાં સક્રિય રસ અને નવું શીખવવા માટે માબાપોએ પણ ફરીથી જ્ઞાનવિશ્વમાં પ્રવેશ કરવાનો થાય.
7. જવાબદાર અને સ્વતંત્ર અધ્યેતા/વિદ્યાર્થીપણાનો વિકાસ. બાળકને સમજાય કે મારા અભ્યાસ માટે જ સૌથી વધુ પ્રયાસ કરવાનો છે. તેની શક્તિઓને પૂરીપૂરી કામે લગાડવી પડે. આમ સ્વયંસંચાલિત (autonomous) અધ્યેતા તૈયાર થાય, શિક્ષણ માટેની પ્રક્રિયાનુંઆ અંતિમ લક્ષ્ય છે.

અહીં દર્શાવેલા ફાયદા–ગેરફાયદા સિવાયના બીજા લાભાલાભ પણ હોઈ શકે. પરંતુ બાળકોના શિક્ષણનો નિર્ણય લેવામાં પુખ્તો–મોટેરાંઓના દૃષ્ટિકોણનો ઓછો અને બાળકોના સ્વાતંત્ર્ય, પસંદગી અને ખુલ્લાપણાની ભાવનાનો વધુ ઉપયોગ થાય તે વાજબી ગણાય. નિશાળને દૈવી વાસ્તવિકતા માનીને પોતાનાં વહાલાં સંતાનોનો ભોગ ચઢાવી દેનારા વાલીઓ હવે મુક્ત શાળાનો વિકલ્પ ખુલ્લો થતાં નવેસરથી વિચારવાનું સાહસ દાખવી શકશે. આજે સમગ્ર જગતમાં એકાધિકારના કિલ્લાઓના બૂરજ તૂટી રહ્યાં છે ને લોકોનાં દિલોદિમાગમાં મુક્તિનો ઘંટારવ થવા માંડયો છે. ભવિષ્યમાં સરકારમાન્ય અભ્યાસક્રમ અને પરીક્ષાની લગામો પણ તૂટવાની જ છે–કેમ કે જ્યારે સમાજ માહિતીના બદલે કૌશલ્યોને તથા કોરા જ્ઞાનને બદલે જ્ઞાનના ઉપયોગને મહત્ત્વ આપવા માંડે ત્યારે પ્રમાણપત્રો–માર્કશીટનાં મૂલ દોકડામાં અને આવડતનાં મૂલ અબજોમાં થાય છે. આજની મુક્ત શાળાઓ હજુ વધુ કાર્યક્ષમ સ્વરૂપ ધારણ કરશે ને ભવિષ્યમાં એ જ મેઈન–સ્ટ્રીમ એજ્યુકેશન બની જશે તેવી આગાહી કરવી એકદમ વાજબી લાગે છે. કેવી છે આજની મુક્ત શાળા ?

1. એ કોઈ સ્થળ/જગ્યા/સંસ્થા નથી. એ તો સુવિધા છે, વિકલ્પ છે, provision છે.
2. સરકારી કે ખાનગી શાળામાં ગયા વગર, હાજરી આપ્યા વગર, નામ નોંધણી કરાવ્યા વગર સીધી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષા આપીને આગળના અભ્યાસક્રમોમાં પ્રવેશવાની સુવિધા આપવામાં આવે છે.
3. આ બંને બોર્ડ દ્વારા જે માર્કશીટ, પ્રમાણપત્ર મળે તે સમગ્ર દેશમાં આગળના અભ્યાસ માટે માન્ય છે.
4. શિક્ષણ અધિકારનો કાયદો અમલમાં આવવાથી હવે ધો. ૧ થી ૮ સુધી કોઈપણ વર્ગમાં દાખલ થવા માટે આગળના ધોરણનો અભ્યાસ કરવો જરૂરી નથી. વાલી પોતાના બાળકને લઈને કોઈપણ સરકારી શાળામાં જાય ત્યાં બાળકની ઉંમરને અનુરૂપ (ધારો કે બાળક ૧૦ વર્ષનું હોય તો ધો. ૪ની પરીક્ષા) ધોરણની પરીક્ષા આપીને તે પછીના વર્ષમાં દાખલ થઈ શકે છે.
5. બાળક ઘરે ભણે, ટ્યૂશન ક્લાસમાં જાય, ઘરે ટ્યૂશન–શિક્ષકો રાખે, કોઈ સ્ટડી સેન્ટરમાં જાય, ઈન્ટરનેટ– ડીવીડી–કોમ્પ્યુટરનો ઉપયોગ કરે, કોઈ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલતા વર્ગોમાં ભણે, ગમે તે રીતે શીખી ને પછી ધો.૧૦/૧૨ની પરીક્ષા આપીને સરકારમાન્ય સર્ટીફિકેટ મેળવી શકે છે, પછી રેગ્યુલર કોલેજમાં અભ્યાસ કરી શકે છે. વિષયોની પસંદગી વખતે આગળના અભ્યાસ માટે જરૂરી વિષયોની ખાતરી કરીને જ વિષયો પસંદ કરવા અનિવાર્ય છે. (દા.ત. ધો.૧૨ માં વિજ્ઞાનના વિષયો રાખ્યાં ન હોય તો કોલેજ કક્ષાએ વિજ્ઞાનની કોઈ શાખામાં પ્રવેશ ન મળે.)
6. નીચેના 14 જિલ્લાઓમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓપન સ્કૂલીંગ (ન્યૂદિલ્હી)–NIOSનું એક પણ અભ્યાસકેન્દ્ર નથી. અમરેલી, દાહોદ, તાપી, પંચમહાલ, આણંદ, ડાંગ, મહેસાણા, નર્મદા, પાટણ, પોરબંદર, ભાવનગર, સુરેન્દ્રનગર, નવસારી અને રાજકોટ. આ જિલ્લાઓમાં વહેલી તકે અભ્યાસકેન્દ્રો સ્થપાય તેવા પ્રયત્નો ચાલે છે. રસ ધરાવનારે ક્ષેત્રીય નિયામકનો સંપર્ક કરવો. ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલના કેન્દ્રો દરેક તાલુકે એક અને દરેક મોટા શહેરમાં ત્રણથી ચાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.



કામધેનુ મોબાઈલ વાન



કામધેનુ મોબાઈલ વાનની ચર્ચા કરી રહેલા માન.રજિસ્ટ્રારશ્રી અને માન.શ્રી લાલભાઈ પટેલ (BOM સભ્યશ્રી)



કામધેનુ મોબાઈલ વાન વિશે માહિતી આપી રહેલા યુનિ.ના કર્મચારી



કામધેનુ મોબાઈલ વાનની મુલાકાત લઈ રહેલા મુલાકાતીઓ



કામધેનુ મોબાઈલ વાનની મુલાકાત લઈ રહેલા મુલાકાતીઓ



કામધેનુ મોબાઈલ વાન વિશે માહિતી આપી રહેલા યુનિ.ના કર્મચારી



કામધેનુ મોબાઈલ વાન



યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ

## જ્ઞાનગંગા સંદર્ભ નમ્ર નિવેદન

પરિવર્તન એ એક સતત પ્રક્રિયા છે. તે પરિવર્તન માટે અમે આતુર છીએ. આપના અભિપ્રાય માટે આપના પ્રતિભાવ માટે .... આપના પ્રતિભાવથી જ અમે જ્ઞાનગંગા મુખપત્રમાં પ્રકાશિત માહિતીમાં અને રજૂઆતમાં પરિવર્તન લાવી શકીશું. કેન્દ્ર સંયોજકશ્રીએ દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી માટે કરેલ કામગીરી કે મેળવેલ સિદ્ધિ જ્ઞાનગંગાના સંયોજકને મોકલવી કે જેથી કરીને સૌના સહકારથી મુખપત્રને વધુ માહિતી સભર બનાવી શકાય

## પ્રાસંગિક:

*ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય તેમજ આર. સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે આર. સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટના પટાંગણમાં 63મા પ્રજાસત્તાક દિનની ઉજવણી આર. સી. ટેક્નિકલના પ્રિન્સિપાલ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.*

*રાષ્ટ્રીયપર્વના આ કાર્યક્રમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી અને નિયામકશ્રી ઉપસ્થિત રહ્યાં હતા. ઉપરાંત બંને સંસ્થાના કર્મચારી, વ્યાખ્યાતાશ્રી, અધિકારીશ્રી અને વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતા. આર. સી. ટેક્નિકલના પ્રિન્સિપાલે પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ આર. સી. ટેક્નિકલના વિદ્યાર્થીઓ દ્વારા પરેડનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.*

## સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશની નવી તકો:

(1) જે વિદ્યાર્થીઓએ ધોરણ–૧૦ પાસ કર્યા પછી આઈ. ટી. આઈ.નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની એન. સી. વી. ટી. અથવા જી. સી. વી. ટી. ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થીઓ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ–૧૨ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તે વિદ્યાર્થી આ યુનિવર્સિટી માં B.A/ B.Com(BDP) અભ્યાસક્રમમાં પ્રવેશ લઈ શકશે.

(2) IGNOU માંથી BPP કરેલ વિદ્યાર્થી ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા ચાલતાં B.A/ B.com(BDP) અભ્યાસક્રમમાં પ્રવેશ લઈ શકશે.

## સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા


**સંયોજકશ્રી**
શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય,
આર.સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ- ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

તંત્રી પ્રકાશક : શ્રી પીયૂષ શાહ, કુલસચિવશ્રી(ઇ.ચા)
ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય
આર.સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ- ગાંધીનગર
હાઈવે, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦,

સંપાદક : ચેતના શાહ, કુસુમ શર્મા, ભરત ઠાકોર

કમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન : ગીતા પરીખ


*बैरी का उद्धार श्रेष्ठ है, कीजे सविधि विशेष ।*
*बैर छुटे, उपजे मति जिससे, वही यत्न यत्नेश ॥*
*घृणा पाप से हो, पापी से नही कभी लवलेश ।*
*भूल सुझाकर प्रेम मार्ग से,*
*उसे पुन्येश यही है महावीर सन्देश ॥*

*युगवीर*

STAMP

BOOK POST

To,


કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય
આર.સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ- ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦,(ગુજરાત)

ઈ-મેઈલ : feedback@baou.org
વેબસાઈટ: www.baou.edu.in